શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

# પાટણ પ્રતિબિંબ

૭૭, પાટણ જૈન મંડળ માર્ગ, મરીન ડ્રાઈવ, મુંબઈ-૪૦૦ ૦૨૦. ☎ ૨૨૮૧ ૧૩૪૬ ટેલીફેક્સ : ૨૨૮૧ ૧૨૧૮
E-mail : patanmandal@gmail.com • www.patanmandal.org

વર્ષ ૫ • સળંગ અંક ૫૭ • ઑગષ્ટ, ૨૦૧૧ • Regd. No. MH / MR / South-135/2009-11
• RNI. Regd. No. MAHGUJ / 2006 / 18379 • PRICE Rs. 2/- PER COPY •

## પ્રમુખ સ્થાનેથી...

**સ્નેહી સ્વજન,**

**જય જિનેન્દ્ર !**

**'ધગધગતી મધ્યાન્હે મ્હાલે, સાંજ પડે અકળાતું,**
**કંટક સાથે પ્રિત કરે ને પુષ્પોથી શરમાતું !**
**ઓ મન તું જ નથી સમજાતું !!'**

સંસ્થાના ઉપસ્થિત થયેલ પ્રશ્નો પરત્વે સમાધાનકારી વલણ અપનાવાયું હોત તો કદાચ તાજેતરની ઘટનાઓ ઘટી ન હોત. જાગ્યા ત્યારથી સવાર એ ઉક્તિ અનુસાર કુશંકા, અહંકાર કે અનાવશ્યક વિચારોને તિલાંજલી આપી સર્વજન હિતાય વ્યવહારિક ઉકેલ લાવવો જ રહ્યો.

માળી બીજની માવજત એટલા માટે કરે છે કે તેમાં વૃક્ષ બનવાની શક્યતા અને ક્ષમતા બન્ને છે. ફીનીક્સ પંખીની જેમ આપણે પોતે જ રાખમાંથી ઊભા થવાનું રહ્યું. બદલાતા સમય અને સંજોગના સમિકરણો સાથે હકારાત્મક અભિગમ અપનાવવો અતિ આવશ્યક છે. જીવનમાં આપદા આવે તેની નવાઈ નથી પણ આપદામાંથી વિશેષ માર્ગ કેવી રીતે કાઢવો એ જ વિશેષતા છે. લાગણીના અરિસામાં પ્રેમ પરાવર્તનને પ્રકાશીત થવા દઈએ.

### શાહપુર-ધર્મચક્ર યાત્રા-પ્રવાસ :

**શ્રી પાટણ જૈન મંડળ** જીવન સૌરભ સમિતિ તથા **શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર ડાહ્યાભાઈ માટલીવાળા (કનાસાનો પાડો) અને શ્રીમતી વિમળાબેન નવીનચંદ્ર ગભરૂચંદ શાહ (ઝવેરીવાડો)** તા. ૫ તથા તા. ૬ જાન્યુઆરી ૨૦૧૨ ગુરૂવાર તથા શુક્રવારના રોજ **શાહપુર-ધર્મચક્ર**નો અનન્ય યાત્રા-પ્રવાસ શતાબ્દી વર્ષ ઉજવણી અંતર્ગત સમાજની વરિષ્ઠ વ્યક્તિઓ માટે નિશ્ચિત કરવામાં આવેલ છે. જીવન સૌરભ સમિતિના મંત્રીઓ તેની પ્રાથમિક તૈયારીઓ કરી રહેલ છે. દાતા પરિવારો તથા શાહપુર તીર્થના ટ્રસ્ટીગણ સાથે જરૂરી વાટાઘાટોને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે. આવશ્યક માહિતી હવે પછીના પ્રતિબિંબમાં પ્રગટ કરવામાં આવશે. સમાજની વરિષ્ઠ વ્યક્તિઓ જરૂરથી તેનો લાભ લઈ શકશે.

### પાટણ છાત્રાલય ખાતે દેરાસરનું પુન: નિર્માણ :

આપ સૌને વિદિત છે જ કે સર્વ **શ્રી મહાસુખલાલ (બચુભાઈ) પોપટલાલ શાહે (વાસુપૂજ્યની શેરી)** પાટણ ખાતે છાત્રાલયના સંકુલમાં દેરાસરજીનું પુન: નિર્માણ કાર્ય આરંભી દીધું છે. તન-મન અને ધનથી આવા ઉત્કૃષ્ટ કાર્ય માટે શ્રી બચુભાઈની વિચારધારાને સંસ્થા હૃદયપૂર્વક બિરદાવે છે. ઉત્તમ કારીગરી અને સાધન, સગવડ સંપન્ન દેરાસરજી બનાવવાની તેઓશ્રીની ભાવના અદ્‌ભુત અને અનન્ય રહી છે. આવું વિરલ વ્યક્તિત્વ ધરાવતી વ્યક્તિ આપણા સમાજ માટે ગર્વ અને ગૌરવ અપાવે તેવી બાબત છે.

૧૫મી ઑગસ્ટ ૧૯૪૭ના રોજ

---

## ૩૩મા વર્ષના ઉગમતે પ્રભાતે...

જ્ઞાન, દર્શન, ચારીત્ર, સંસ્કાર, સેવા અને સાધનાની ઉત્કૃષ્ટ કેડીએ પ્રયાણ કરતાં ૩૩મા વર્ષના સુવર્ણ પ્રભાતના સોનેરી કિરણો સાથે આપ સૌ મહાનુભાવોનું અમે હાર્દિક સ્વાગત કરીએ છીએ. ૧૫ મી ઑગસ્ટ ૧૯૭૯ થી પ્રારંભ થયેલ 'પાટણ પ્રતિબિંબ'એ દીર્ઘ-પ્રદીર્ઘ, સતત અને અવિરત યાત્રાના નીતનવા સીમાચિન્હો પાર કરતાં યશસ્વી પ્રવાસના ૩૨ વર્ષ પૂરા કર્યા છે જેનો આપણે સૌ ગર્વ અને ગૌરવ અનુભવીએ છીએ. પ્રતિભા અને આભાના ઓજસ ધરાવતા આપણા સમાજે પ્રબળ પ્રારબ્ધ અને પુરુષાર્થવાળા અનેક વિરલાઓ આપ્યા છે. જેમની સૌમ્ય સેવામય છાંટ અને છટાઓએ ચિરંતન ચૈતન્યની જ્યોત પ્રજ્વલિત રાખી છે.

દાનવીર દાતાગણ સેવા-સાધના અને પ્રગતિના ઉચ્ચતમ સ્તરે સંસ્થા અને સમાજને પહોંચાડનાર દીર્ઘદૃષ્ટા આદરણીય સ્થાપકો, આજીમાજી ટ્રસ્ટીઓ, ઉચ્ચ હોદ્દેદારો, 'પાટણ પ્રતિબિંબ'ના કર્તવ્યનિષ્ઠ સંપાદકો, વિવિધ સમિતિઓના મંત્રીઓ તથા નિ:સ્વાર્થ સમિતિના સભ્યો, કાર્યાલયના સંનિષ્ઠ કર્મચારીઓ, આપ સૌ સફળતાના સારથિઓ અને અભિનંદનના અધિકારીઓને સાદર સલામ.

❑ **સંપાદક સમિતિ**

આપણો દેશ અંગ્રેજોની ગુલામીની જંજીરોથી મુક્ત થયો. અંગ્રેજી પ્રજાના આધિપત્યનો અંત આવ્યો. પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે અરુણુ પ્રભાતના આપણે સાક્ષી બન્યા. અહિંસાની આલબેલ અને જયહિન્દના નારાથી સમસ્ત ભારતવર્ષનું ગગન ગુંજી ઉઠ્યું.

**પાટણ પ્રતિબિંબ :**

આજથી ૩૨ વર્ષ પૂર્વે ૧૫મી ઑગષ્ટ ૧૯૭૯ ના રોજ શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર **'પાટણ પ્રતિબંબ'** અસ્તિત્વમાં આવ્યું. સંસ્થાની પ્રવૃત્તિ અને ગતિવિધિથી સમાજની વ્યક્તિઓને વાકેફ કરવાનું એક અનન્ય અને જીવન સંપર્ક પરિબળ તરીકે મુખપત્ર ઉભરી આવ્યું. પ્રતિબિંબના આજીમાજી કર્તવ્યનિષ્ઠ સંપાદકો અને સમિતિ સભ્યો જેઓ આ પ્રકાશનના આધારસ્તંભ રહ્યા તેઓને માન અને સન્માનપૂર્વક બિરદાવું છું.

કર્મયોગે વિતારાગી પ્રભુ મહાવીરનું શાસન આપણને મળેલ છે. પર્વાધિરાજ પર્યુષણના ઓવારણા લઈ આરાધનાના રંગમાં રંગાઈ દાન, ધર્મ અને તપ કરીએ અને કરાવીએ. કર્મનિર્જરાર્થે આપ સૌ યથાશક્તિ તપસ્યા કરશો. સંવત્સરી પર્વને લક્ષમાં રાખી સમાજના સભ્યોને, મિત્રોને તથા સહકાર્યકર્તાઓને મારા થકી મનદુ:ખ થયું હોય તે બદલ હું હૃદયપૂર્વક ક્ષમાયચાના કરી **'મિચ્છામિ દુક્કડમ્'** પાઠવું છું. વૈમનસ્યને વેરવિખેર કરવા શ્રદ્ધાના સેતુથી સંયમનું રસપાન કરીએ, એકમેકને ખમીએ અને ખમાવીએ ! આભાર...

**પ્રમુખ, શ્રી પાટણ જૈન મંડળ**

## શ્રી પાટણ જૈન મંડળ

## વાર્ષિક પારિતોષિક વિતરણ સમારંભ

મંડળ દ્વારા પ્રતિવર્ષ શૈક્ષણિક ક્ષેત્રે તેજસ્વી પ્રતિભાઓનું અભિવાદન કરવામાં આવે છે. તદ્અનુસાર આ વર્ષે એસ.એસ.સી., એચ.એસ.સી. તથા કૉલેજ ક્ષેત્રે લેવાયેલ વાર્ષિક પરીક્ષામાં ઉચ્ચ કક્ષાએ ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થી–વિદ્યાર્થિનીઓને તેમજ પરફોર્મીંગ આર્ટના ક્ષેત્રે ઉચ્ચત્તમ ગુણવત્તા પ્રાપ્ત કરનાર કલાકારો અને વર્ષ દરમ્યાન પાટણ પ્રતિબિંબમાં પ્રકાશિત થયેલી કૃતિઓમાંથી પસંદગી પામેલ શ્રેષ્ઠ કૃતિઓના લેખક ભાઈ–બહેનોનું **શ્રી નેમચંદ જેશીંગલાલ શાહ (ગુંદરવાલા)** સાહિત્ય પારિતોષિક એનાયત કરી અભિવાદન કરવા, માટેના સમારંભનું આયોજન નીચેની વિગતે કરવામાં આવ્યું છે.

**મુખ્ય અતિથિ : ડૉ. હરિ વાસુદેવન, પ્રિન્સિપાલ : ડી. જે. સંઘવી કૉલેજ**

**દિનાંક :** રવિવાર, તા. ૨૫–૦૯–'૧૧ **સમય :** સવારે ૯–૪૫ કલાકે

**સ્થળ : શ્રી પાટણ જૈન મંડળ સભાગૃહ,**

૭૭, પાટણ જૈન મંડળ માગ મરીન ડ્રાઈવ, મુંબઈ–૨૦.

આ સમારંભમાં ઘણા વિદ્યાર્થીઓએ ઈનામ મેળવવા અંગેનું ફોર્મ ભરેલ છે, છતાં કોઈક વિદ્યાર્થીનું ફોર્મ ભરવાનું રહી ગયેલ હોય તો, તેવા વિદ્યાર્થીઓએ ઉપરોક્ત અભ્યાસક્રમ અંગેના છેલ્લી વાર્ષિક પરીક્ષાના પરિણામની ઝેરોક્ષ નકલ સાથે, મોડામાં મોડું તા. ૪–૯–૨૦૧૧ સુધીમાં મંડળના મુખ્ય કાર્યાલયમાં મોકલાવી આપવા.

**❑ શિક્ષણ સમિતિ**

## શ્રીમતી પન્નાબેન સોનાવાલાનો પ્રમુખશ્રીને પત્ર

**માનનીય શ્રી દિનેશભાઈ,**

તાજેતરની મારી ટૂંકી માંદગી અને સર્જરીએ આ પત્ર દ્વારા આપને સંબોધવા મને પ્રેરણા આપી છે. માનવીની જિંદગીમાં મુશ્કેલી કે અંતરાયો તો આકસ્મિક અને અણધાર્યા આવે છે. પણ તે માટે **શ્રી પાટણ જૈન મંડળ** દ્વારા મને જે સહકાર અને હૂંફ મળી છે તે હું ક્યારેય ભૂલી શકીશ નહિ.

મારી માંદગીના પ્રથમ ચરણથી જ ડૉક્ટરો સાથે વાર્તાલાપ, ઈન્વેસ્ટીગેશન, હૉસ્પિટલાઈઝેશન, સર્જરી, દવાઓથી માંડી ડીસ્ચાર્જ અને તે બાદની સર્વ ગતિવિધિમાં અંગત રસ લઈ આપશ્રીએ તથા શ્રી મહેન્દ્રભાઈ ગુંદરવાલાએ સતત સંપર્કમાં રહી જે પ્રમાણે મારી દેખરેખ રાખી છે, તે અદ્ભુત અને અનન્ય રહી. મારી નજીકના સગાસંબંધીઓ તેમજ મંડળના કર્મચારી ભાઈઓએ ખડે પગે ઊભા રહી મારી સારસંભાળ રાખી જેને પરિણામે હું ક્રમશઃ ધીરે ધીરે સ્વસ્થ થઈ રહી છું.

**શ્રી પાટણ જૈન મંડળ મેમોરીયલ ફંડ અંતર્ગત મારા વિલ દ્વારા સંસ્થાને મેં મારી વારસદાર બનાવી છે તેનો મને સંપૂર્ણ સંતોષ છે.** મારી માંદગી દરમ્યાન ડૉક્ટરોનો, હૉસ્પિટલનો, ઑપરેશનનો અને તે બાદનો સંપૂર્ણ ખર્ચ સંસ્થાએ સમયસર ઉપાડ્યો છે અને સંસ્થાવતી આપે આપેલ ખાત્રીનું અક્ષરશઃ પાલન કરી મારા પરિવારના અવિભાજ્ય અંગ બની રહ્યા છો, તેનો મને અખૂટ આત્મસંતોષ છે. હું મારી જ વ્યક્તિઓની સમીપ અને વચ્ચે નિર્ભિત અને સુરક્ષિત છું તેનો અહેસાસ ઓછો નથી જ.આભાર..!.

લિ.

આપની વિશ્વાસુ,

**પન્નાબેન કપુરચંદ સોનાવાલા**

તા. ૧૬–૮–'૧૧

## સંપાદકીય...

# ક્ષમાપના – અવલોકનનો અવસર
## To See & To Observe

**મોક્ષમાર્ગના યાત્રીઓ,**
**પ્રણામ.**

આ અંક આપ સૌની પાસે પહોંચશે ત્યારે પર્વાધિરાજ પર્યુષણ પર્વની સમાપ્તિ થઈ ગઈ હશે. દરેક તપસ્વીઓ, આરાધકો સુખ-શાતામાં હશો.

**વિશ્વ મૈત્રી** અને **વિશ્વ વાત્સલ્ય ! વેરનું વિસર્જન** અને **સ્નેહનું સર્જન** આ બે પવિત્ર સંદેશો લઈને આવી ગયો છે પર્યુષણનો અંતિમ અને મહત્ત્વનો દિવસ '**સંવત્સરી**'.

સાત સાત દિવસોથી સાધનાનું જે ભવ્ય, વિશાળ અને આભ અડતું મંદિર ચણાઈ રહ્યું છે એના પર '**આરાધનાનો કળશ**' ચઢાવીને '**ક્ષમાનો ધ્વજ લહેરાતો** મૂકવાનો સોનેરી અવસર જ '**સંવત્સરી**'નો મહાન પવિત્ર દિવસ.

**અહમ્ થી અર્હમ્**ની યાત્રા કરવી હોય તો **ક્ષમાનો ગુણ કેળવવો ખૂબ જ જરૂરી છે. 'નમે તે સૌને ગમે.'** તેથી આપણાં **અંતરાત્માનું પણ અવલોકન કરવાનું છે.** આ પર્વ ક્ષમાપના સાથે **આત્મ નિરીક્ષણનું** પણ છે. **`To See & To Observe'.** આપણી ભીતરમાં રહેલા **અહં અને ક્રોધને જાકારો આપવાનો છે. આ બંને અવગુણો આપણાં આધ્યાત્મિક વિકાસમાં બહુ જ નડરતરૂપ છે.** અહંકાર આપણામાં નમ્રતાને પ્રવેશ નથી આપતો અને ક્રોધ તો જલન છે તેથી **ક્રોધ જાય તો ક્ષમા પ્રગટે** અને **અહં નીકળી જાય તો અર્હમ્ બની શકાય.**

**પૂ. નમ્રમુનિ મ. સાહેબ કહે છે કે; સર્પના શરીર પર હાથ ફેરવો તો લીસો લાગે પણ પરિણામ શું ?**

**ઝેરવાળો લાડવો કૂતરાને મીઠો લાગે તો પણ પરિણામ ?**

**ગમે તેવી તાકાતવાન વ્યક્તિ હોય, પણ તેની નજીકમાં બૉમ્બ મૂકાયો હોય તો પરિણામ ?**

સર્પ ખતરનાક, ઝેર ખતરનાક, બૉમ્બ ખતરનાક, પણ આ બધાં સાધનો તો **માત્ર એક જ ભવ બગાડે, પરંતુ અહં અને ક્રોધ તો ભવોભવ બગાડે છે.**

**દૈનિક, પાક્ષિક, ચાતુર્માસિક અને સાંત્સરીક** એમ ચાર પ્રકારના પ્રતિક્રમણ કરતી વખતે **ક્ષમાપના માંગવાનું અને ક્ષમાપના આપવાનું બતાવ્યું છે.** આ એક મુખ્ય કર્તવ્ય છે. એમાં કદાચ પહેલાં ત્રણ પ્રકાર જો ચૂકી ગયા તો **સાંવત્સરીક ક્ષમાપના** તો ભૂલ્યા વગર અવશ્ય કરી લેવી જોઈએ. જૈન દર્શનમાં બતાવ્યું છે કે, કેટલીકવાર પર્વને દિવસે માણસનો આયુષ્યબંધ પડતો હોય છે. એક જન્મ પૂરો થતાં બીજા જન્મમાં માણસ કઈ ગતિમાં જઈને શું થવાનો છે તે જ ક્ષણે નક્કી થાય છે. તેને આયુષ્યનો બંધ કહેવામાં આવે છે. આથી પર્વના દિવસે મન–વચન, કાયાની શુદ્ધિથી કરેલી સાધના, આરાધના, પ્રભુ ભક્તિ માણસને આવતા ભવમાં ઉન્નતિ અપાવે છે. પણ જો આ પર્વમાં કોઈપણ પ્રકારે શાસ્ત્રાજ્ઞા વિરુદ્ધ પ્રવૃત્તિ કરી તો ભયંકર દુર્ગતિમાં લઈ જશે તે નિશ્ચિત છે.

આ સૃષ્ટિ પરની **સમગ્ર જીવરાશીની હાથ જોડી, નત મસ્તકે, ધર્મ ભાવ હૈયામાં ધારણ કરીને હૃદયપૂર્વકની ક્ષમા માગવાની છે.** જેથી અજાણતાં પણ કોઈ જીવની ક્ષમા માગવાનું રહી ન જાય.

**सव्वस्सं जीवरासिस्स, भावओ धम्मनिद्धिअं निअ चित्तो।**
**सव्वं खमावईता, खमामि सव्वस्स अहयंपि ।।**

માત્ર આપણાં જ નહિ, પરંતુ સર્વ જીવોના આત્માના કલ્યાણને ઈચ્છતા જે ક્ષમાપના કરીએ છીએ તે સૌથી શ્રેષ્ઠ છે. આપણે સૌ વીર પ્રભુના શાસનમાં રહીએ છીએ. તેમના સંતાનો છીએ. **ક્ષમા-ધર્મનો શ્રેષ્ઠ વારસો આપણને આપ્યો છે** જેના દ્વારા મૈત્રીની સુવાસ વહેતી વહેતી દુનિયા અને માનવ-માત્રના છેડા સુધી પહોંચી જાય છે. આના દ્વારા સૌ જીવોને પરસ્પર મૈત્રીના પ્રેમને તાંતણે બંધાઈ જવાનો અમૂલ્ય અવસર પ્રાપ્ત થાય છે. રાગ-દ્વેષ, વેર-ઝેરની ભાવના ખતમ થતી જાય છે.

આ રીતે '**ખમવા-ખમાવવાનો**' મહિમા આપણે જાણીએ છીએ પણ તેની સાચી કસોટી તો વહેવારના ક્ષેત્રમાંથી જ થાય છે. પરંતુ '**ક્ષમાપના**'નો ગુણ આપણા જીવનમાં ક્યારેક **`Turning Point of Life'** બની જાય છે.

'**પ્રતિબિંબ**'ના વાચક મિત્રો, આ મુખપત્રનું તંત્રીપદ સંભાળતા આપ કોઈને પણ **જાણતાં-અજાણતાં અમારાથી કોઈપણ પ્રકારે મન દુ:ખ થયું હોય તો આપ સૌની નત્ મસ્તકે અમે ક્ષમાપના કરીએ છીએ.**

**'લે, તપાસી તું જરા તારી ભીતર, શક્ય છે;**
**તુજ સ્વરૂપ, તારાં થકી મુક્તી; ઊંચેરું નીકળે.'**

આપણે સૌ એકબીજાની સાથે '**મિચ્છામી દુક્કડમ્**' કરીને, જાણતાં–અજાણતાં થયેલી **ભૂલોનો સ્વીકાર કરીને, વેર-ઝેરને ભૂલીને, ક્રોધને શમાવીને, હૃદય નિર્મળ બનાવી ક્ષમાની ધ્વજા લહેરાવીએ.**

**જૈનમ્ જયતિ શાસનમ્.**

☐ **શ્રીમતી ભારતીબેન ભગુભાઈ શાહ**
☐ **શ્રી મહેન્દ્રભાઈ નેમચંદ શાહ** (ગુંદરવાલા)
માનદમંત્રીઓ, સંપાદક સમિતિ


**શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમ :** ESTD : 1998

**૧૪ વર્ષથી પાટણ પરિવારના જૈન યુવક-યુવતીઓ માટે ચાલતો**

**અલ્પા મેરેજ બ્યુરો**

આપણા માટે નવી સુવીધા સાથે...ડાયરેક્ટ મીટીંગની વ્યવસ્થા
સ્પેશ્યલ કલાસ માટે ઈ-મેઈલ ફેસીલીટી. **વધુ વિગત માટે સંપર્ક :**
**શ્રીમતી અલ્પા શાહ : 8080547424 - 9823218746**
સમય : ૧૧-૦૦ થી ૫-૦૦. Email : alpashah@yahoo.co.in
**દર અમાસે મેરેજ બ્યુરો બંધ રહેશે.**



**FLATS FOR SALE IN PATAN**

Mohollo -- **Kanasano Pado**

1st 4 storied building with lift in Moholla / Pole.
Most Convenient Location
All the basic Aminities
Provision for ample storage of water.
For Details Contact :
Mumbai : **BHAVESH SHAH** – 09322289278
Off. : 022 23877194
Patan : Mukeshbhai Mewada - 09898616711
Ankit Mewada - 09601499999
Paresh Shah - 09374664066
Off. : - 02766324911
Advt

# ક્રાન્તિકારી જૈન સંતની ચિરવિદાય

પ. પૂ. ચંદ્રશેખરવિજયજી મ.સા. માઈક, લાઈટ અને ફ્લાઈટના યુગમાં પણ જૈન સાધુઓની વીજળીનો ઉપયોગ ન કરવાની પરંપરાને તેઓ ચુસ્તતાથી વળગી રહ્યા હતા. તેઓ ક્રાન્તિકારી હતા એનું ઉદાહરણ એ છે કે જૈન સાધુની પરંપરાનો ચીલો ચાતરીને તેઓ જૈન પદ્ધતિના ગુરુકુળના પ્રેરણાદાતા અને સ્થાપક બન્યા હતા. જૈન બાળકોનું સંસ્કરણ કરવાના હેતુથી તેમણે ઈ.સ.૧૯૮૦માં નવસારી નજીક તપોવન સંસ્કારધામ નામના વિશ્વના સૌપ્રથમ જૈન ગુરુકુળના પાયા નાખ્યા. ચંદ્રશેખરવિજયજી મ.સા. અને તેમના શિષ્યો આ તપોવનમાં રહીને વિદ્યાર્થીઓને જૈન ધર્મના તત્ત્વજ્ઞાનના પાઠો ભણાવતા.

**ધનાઢ્ય પરિવારમાં જન્મ**

ચંદ્રશેખરવિજયજી મ.સા.નો જન્મ ઈન્દ્રવદન તરીકે મુંબઈના ધનાઢ્ય પરિવારમાં થયો. તેઓ મુંબઈની પ્રતિષ્ઠિત સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં ભણતા હતા તે દરમ્યાન તેમને વૈરાગ્ય જાગ્યો. તેઓ ઉઘાડા પગે કૉલેજમાં આવતા અને ઉકાળેલા પાણીનો કુંજો સાથે રાખતા. દીક્ષા લઈને મહાન જૈનાચાર્ય વિજયપ્રેમસૂરિજી મ.સા.ના શિષ્ય બન્યા.

**માઈક વગર પ્રવચન આપતા**

પન્યાસશ્રી ચંદ્રશેખરવિજયજી મ.સા. લાખો જૈન યુવાનોના જીવનમાં આમૂલ પરિવર્તન લાવનારા પ્રવચનકાર તરીકે ઈતિહાસમાં યાદ રહેશે. નાસ્તિક યુવાનો પણ પૂજ્યશ્રીના પ્રવચન સાંભળીને જીવનપરિવર્તનનો સંકલ્પ કરી લેતા. અનેક બુદ્ધિજીવી ડૉક્ટરો, વકીલો, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટો અને એન્જિનિયરો તેમના પ્રવચનો સાંભળતા. વિરાટ માનવમેદની વચ્ચે માઈક વગર જ પ્રવચન આપતા. બુલંદ અવાજને કારણે સભામાં બેઠેલા છેલ્લા શ્રોતાઓ તેમને સ્પષ્ટ સાંભળી શકતા. ચંદ્રશેખરવિજયજી મ.સા.એ જૈન મહાભારત પર પણ જાહેર પ્રવચનો કર્યા હતા.

**પાપોનું કન્ફેક્શન કરાવવાની શક્તિ**

તેમના પ્રવચનોનો એક એક શબ્દ લોકોને હૃદયસોંસરવો ઊતરી જતો. આ પ્રવચનો સાંભળીને લાખો યુવાનોએ ટીવી અને ફિલ્મ ન જોવાની, ભગવાનની પૂજા કરવાની અને પોતાના માતા-પિતાને દરરોજ પગે લાગવાની પ્રતિજ્ઞાઓ લીધી તેમનાં પ્રવચનો સાંભળીને કૉલેજમાં ભણતાં આશરે ૨૫,૦૦૦ યુવક-યુવતીઓએ પોતાના જીવનના પાપોનું પ્રાયશ્ચિત કરીને ભવ આલોચના લીધી હતી. આધુનિક યુવાનો પાસે તેમના પાપોનું કન્ફેશન કરાવવાની વિશિષ્ટ શક્તિ ચંદ્રશેખરવિજયજી મ.સા.માં હતી.

**ચારિત્ર્યનિર્માણ માટે પ્રેરણા**

બાળકોના ચારિત્ર્યનિર્માણ માટે તપોવન સંસ્કારધામના નામે અભિનવ જૈન ગુરુકુળનો પાયો નંખાવ્યો. પ્રથમ તપોવન આજથી ૨૮ વર્ષ પહેલાં નવસારી નજીક સ્થાપવામાં આવ્યું હતું અને બીજું તપોવન અમદાવાદમાં સાબરમતી નજીક સ્થાપવામાં આવ્યું. આ તપોવનોમાં સ્કૂલના શિક્ષણ ઉપરાંત જૈન પદ્ધતિનું ઉત્તમ શિક્ષણ અને સંસ્કરણ આપવામાં આવે છે. અત્યાર સુધીમાં હજારો વિદ્યાર્થીઓ આ બે તપોવનોમાં ભણીને કુળદીપક બન્યા છે, જેમાંના અનેક દીક્ષા લઈને જૈન સાધુ પણ બન્યા છે.

તેઓ માનતા કે આજના કાળમાં દીક્ષાધર્મ પાળવો અત્યંત કઠિન હોવાથી કોઈને ઝટ દીક્ષા ન આપવી. આ કારણે પ્રારંભમાં એકાદ-બે શિષ્યો બનાવ્યા પછી તેઓ કોઈને દીક્ષા ન આપતા. એક તબક્કે તેમને લાગ્યું કે હવે દીક્ષા આપ્યા વિના યુવાનોનો ઉદ્ધાર જ કરી શકાય એમ નથી. ચંદ્રશેખરવિજયજી મ.સા. કાળધર્મ સમયે ૮૬ શિષ્યોના ગુરુ હતા.

**એક કુશળ વક્તા અને સિદ્ધહસ્ત લેખક :**

ચંદ્રશેખરવિજયજી મ.સા. એક પ્રભાવશાળી વક્તા હોવા ઉપરાંત કુશળ લેખક પણ હતા. પોતાના પ્રવચનોના પદાર્થો તેઓ અલગ જ રીતે પુસ્તકોમાં ઢાળતા. આ લખાણોનું પુસ્તકરૂપે પ્રકાશન કરવાનું કાર્ય કમલ પ્રકાશન ટ્રસ્ટ છેલ્લાં ૪૦ વર્ષથી કરે છે. ચંદ્રશેખરવિજયજી મ.સા.ના સ્વહસ્તે લખાયેલાં ૩૫૦ થી વધુ પુસ્તકોનું પ્રકાશન આ સંસ્થા કરી ચૂકી છે.

ગુજરાતમાં ગૌહત્યાબંધીનો કાયદો આવે એ માટે તેમણે ઉપવાસનું આંદોલન પણ છેડ્યું હતું. છેવટે ચીમનભાઈ પટેલની સરકારે જ્યારે આ વાતનો અમલ કર્યો ત્યારે ચંદ્રશેખરવિજયજી મ.સા.એ તેમનું અભિવાદન કર્યું. મુંબઈમાં દેવનારના કતલખાનાનું ૧૦૦ કરોડ રૂપિયાના ખર્ચે આધુનિકરણ સામે આંદોલન છેડ્યું. દેવનારમાં નિકાસના હેતુથી પશુની કતલ ન થવી જોઈએ એવી માગણી સાથે સ્થાનકવાસી સંપ્રદાયના પૂજ્ય ગુરુદેવ નમ્રમુનિનો સાથ મળતા મુંબઈ મહાનગરપાલિકાની સ્થાનિક સમિતિએ કતલખાનું બંધ કરવાનો ઠરાવ પસાર કર્યો હતો.

**નવકાર મહામંત્રનો જાપ :**

છેલ્લાં બે-ત્રણ વર્ષથી ચંદ્રશેખરવિજયજી મ.સા.નું સ્વાસ્થ્ય કથળ્યું હતું તેઓ જૈન શાસનની, આર્ય સંસ્કૃતિની અને યુવાન પેઢીની સતત ચિંતા કરતા. શરીરની બાહ્ય પીડા વચ્ચે પણ તેમના ચહેરા પર અદ્ભુત શાંતિ અને સમાધિ જોવા મળતાં હતાં. જીવનની અંતિમ ક્ષણ સુધી તેઓ નવકાર મહામંત્રનો જાપ કરતા રહ્યાં. ચંદ્રશેખરવિજયજી મ.સા.એ તેમના જીવનકાળ દરમ્યાન તૈયાર કરેલ ૮૬ વિદ્વાન શિષ્યો ધર્મરક્ષા અને સંસ્કૃતિરક્ષાના તેમના મિશનને કુનેહપૂર્વક આગળ ધપાવી રહ્યાં છે. ✷ ✷ ✷

## જૈનશાસન પ્રભાવકની જીવન ઝરમર

✷ જૈન શાસન પ્રભાવક પ્રખર વક્તા ૭૮ વર્ષની વયે **પન્યાસપ્રવર શ્રી ચંદ્રશેખર વિજયજી મ. સા.** સોમવાર તા. ૮-૮-૧૧ના રોજ અમદાવાદ વાસુપૂજ્ય જૈન સંઘ, આંબાવાડી ઉપાશ્રય મધ્યે ૧૨-૩૯ કલાકે સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા.

✷ અમિયાપુર તપોવન સંસ્કારપીઠ મધ્યે પૂજ્યશ્રીના અંતિમ સંસ્કાર કરવામાં આવ્યા.

✷ તા. ૯ મી ઑગષ્ટના રોજ ગુજરાત સરકારે રાજ્યભરના કતલખાના બંધ રખાવ્યા.

✷ સંસારિક નામે ઈન્દ્રવદનભાઈનો જન્મ શ્રીમતી સુભદ્રાબેન કાંતિલાલ પ્રતાપસિંહને ત્યાં ધનાઢ્ય પરિવારમાં થયો.

✷ સેન્ટ ઝેવિયર્સ કૉલેજમાં અભ્યાસ દરમ્યાન વૈરાગ્યની અનુભૂતિ થતાં ૧૮ વર્ષની ભરયુવાન વયે દીક્ષા ગ્રહણ કરી.

✷ ૮૬ શિષ્યો અને પ્રશિષ્યોનો પરિવાર ધરાવનાર પ્રભાવી સંતપુરુષ.

✷ તપોવન સંસ્કાર પીઠ, વર્ધમાન સંસ્કારધામના તેઓ પ્રેરણાસ્રોત અને સ્થાપક હતા.

✷ યુવાનોના સાચા શિલ્પકાર, પ્રખર વિદ્વાન, તપસ્યા, સંયમ, અહિંસા, જીવદયાના મહારથીએ અગણિત આદર્શો આત્મસાત કર્યા હતા.

# પાટણ પ્રતિબિંબ... ૩૩મા વર્ષના ઉગમતે પ્રભાતે...સુસ્વાગતમ્

૧૫ મી ઑગસ્ટ ભારતદેશની આઝાદીનો યાદગાર દિવસ અને **'પાટણ પ્રતિબિંબ'**નો **૩૩ મો જન્મદિન.** ૧૯૭૯ નાં ગૌરવવંતા દિવસે **'પાટણ પ્રતિબિંબ'**ની સર્જનાત્મક. યશસ્વી મંઝીલ શરૂ થઈ હતી. આપણા આ મુખપત્રએ દરેકે દરેક પાટણવાસીઓનાં ઘરમાં ને દિલમાં અનોખું સ્થાન પ્રાપ્ત કર્યું છે. માત્ર ભારતનાં જ પટણીઓમાં નહિ પરંતુ પરદેશમાં વસતા દરેક પાટણ પરિવારો પણ આ મુખપત્રના ઇંતેજારમાં રહે છે. **'પાટણ પ્રતિબિંબ'**ના ૩૩ માં વર્ષનાં શાનદાર અવસરે હાર્દિક અભિનંદન.

પાટણ સમાજના આદરણીય સ્થાપકો, અને ભૂતકાળનાં વર્ષોમાં આ સંસ્થાની સેવા ક્ષેત્રે જે જે કર્મનિષ્ઠ સેવાભાવીઓએ પોતાના પુરુષાર્થ દ્વારા નિષ્કામભક્તિ પૂરી પાડી છે તે સર્વેની શુભેચ્છા અને આશીર્વાદથી આ મુખપત્ર યશસ્વી બન્યું છે. સાથે સાથે વર્તમાનમાં આપ સર્વેનો સહયોગ અને પ્રેરણા મળતાં રહ્યા છે તે બદલ પાટણના વાચક પરિવારોનું અભિવાદન કરી અભિનંદન પાઠવતાં હર્ષની લાગણી અનુભવીએ છીએ. **'પાટણ પ્રતિબિંબ'** ના નિયમિત પ્રકાશનને કારણે જ સંસ્થાનો ઝડપી વિકાસ થયો છે. મૌલિક લખાણો દ્વારા વિચારો રજૂ કરનારા આપણા સમાજમાં લેખકો અને કવિઓનો સહકાર પણ ઉલ્લેખનીય અને ઉપયોગી બની રહ્યો છે. ભૂતપૂર્વ સંપાદકો અને સમિતિના સભ્યોના અમે આભારી છીએ.

**'પાટણ પ્રતિબિંબ'** આપણાં સમાજનું મુખપત્ર હોવા છતાં સાંપ્રત યુગના થડકાર અને પડકારને સ્પર્શવાનો તથા વાચકોના વર્તમાનની કાળજી, આવતી કાલની અપેક્ષા સંતોષવાનો ભવ્ય પુરુષાર્થ કરે છે. સમાજના દરેક પરિવારને કુટુંબીજનોને, એકસૂત્રતાને તાંતણે બાંધી આત્મિયતાની લાગણીનો અનુભવ કરાવે છે. દરેક અંકોમાં વૈવિધ્યતા લાવવાનો અમારો પ્રયત્ન રહ્યો છે.

**'પાટણ પ્રતિબિંબ'** માં તપસ્વીઓની નામાવલી, મૃત્યુ નોંધ, તેજસ્વી તારલાઓ જે શિક્ષણક્ષેત્રમાં ઝળકી ઉઠ્યા હોય, તેવા વિદ્યાર્થીઓ તેમ જ સમાજની કોઈપણ નાની-મોટી વ્યક્તિઓએ બહારના કોઈપણ ક્ષેત્રમાં વિશેષ પ્રકારે સિદ્ધિ પ્રાપ્ત કરી હોય તે સૌને પણ માનભેર સ્થાન આપીને તેમની નામાવલી પ્રગટ કરવામાં આવે છે. દાતાઓનું પણ અભિવાદન કરવામાં આવે છે.

**'પાટણ પ્રતિબિંબ'** એક પ્રેરણાદાયી સદાબહાર મુખપત્ર બની રહે તે આશયે નવા નવા લેખકોને, તેમના મૌલિક વિચારોને આવકારવા સહર્ષ આમંત્રણ પાઠવીએ છીએ. અંગ્રેજી ભાષાનાં લેખકોને, વિદ્યાર્થીઓને પણ પોતાની કૃતિઓ મોકલવા આમંત્રણ છે. સર્વેના સાથ અને સહકારની અપેક્ષા અસ્થાને નથી જ.

જ્ઞાન, દર્શન, ચારિત્ર, સાધના, સંસ્કાર અને સંસ્કૃતિનો અનન્ય સમન્વય ધરાવતા **શ્રી પાટણ જૈન મંડળ**નું મુખપત્ર **'પાટણ પ્રતિબિંબ'** યશસ્વી દીર્ઘયાત્રાના ૩૩ માં વર્ષમાં પ્રવેશ કરે છે. આ અમૂલ્ય અવસરે સંસ્થાના દરિયાવ દિલ દાતાઓ, હોદ્દેદારો, ટ્રસ્ટીઓ, આજીમાજી સંપાદકો, સમિતિ સભ્યો, કાર્યાલયના કર્મચારીઓ, લેખકો અને કવિઓ તથા પાટણના વતનીઓને હાર્દિક અભિનંદન ! પ્રતિબિંબે જ્ઞાનગોષ્ટિ સાથે વિવિધ વિષયોને આવરી સભ્યોને એકાંતમાંથી અનેકાંત તરફ દોરી ઘેઘુર વડલાનું કામ કર્યું છે.

જિંદગી પાસે આપણને રસરૂચિ, શ્વાસ અને પ્રાસ અનાયાસે પ્રાપ્ત થયા છે. સમાજ પાસે શબ્દ વિના સંવાદ, સમજણ અને નામ વગરનું સગપણ મળ્યું. સંસ્થાએ આસ્થા, શ્રદ્ધા, વણસ્યા અને કણસ્યા વગરના વિકસતા બંધ અને આત્મિય સંબંધની અનુભૂતિ કરાવી. અંગત હિત, હેતુ, અપેક્ષા કે સ્વાર્થ વિનાના સાન્નિધ્યમાં વાતનો વિસામો, અનુભવની વાણી અને સ્મરણોની સરવાણી અનાયાસે પ્રતિબિંબમાંથી બિંબીત થાય છે.

પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સતત સાથ, સહકાર, સંપર્ક, સર્જન અને સંકલ્પ થકી પ્રતિબિંબ અનન્ય ચાહના મેળવી રહ્યું છે અને તે માટે મિત્રો આપ સૌ અભિનંદનના અધિકારી છો ! આભાર...

☐ **સંપાદક સમિતિ**


**PATAN CO-OP. BANK LTD.**

Rasik Nivas, 75, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400 020. Tele. 22817444 / 22815290

E-mail : patanbank@yahoo.co.in ● Telefax : 22816513

**Financial position as on 31st March 2011 (Rs. In Lacs)**

| | | | |
|---|---|---|---|
| Share Capital | 261.95 | CRAR | 23.42% |
| Reserve Fund | 993.47 | Dividend (proposed) | 12.00% |
| Deposits | 6350.77 | Working capital | 7888.57 |
| Advances | 3170.04 | Net Profit | 74.53 |

AUDIT CLASS ``A"

● NO NEW NPA'S SINCE LAST 2 YEARS
● COURTEOUS STAFF AND EFFECTIVE SERVICES

WE OFFER

- 1% p.a. over rate of deposit on advances against deposit receipt for borrower OR third party
- Locker facility in both branches ● RTGS/NEFT tie-up Bank of Baroda ● Car loan@11% p.a.
- Housing Loan @ 11% -- upto Rs. 40.00 lacs ● LOAN AGAINST NSC / LIC POLICIES @ 11%
- Line of credit – (Local/ foreign) facility withThe Saraswat Co-operative Bank Ltd.
- Deposit Interest @ 10% p.a. for 1125 days – senior citizen/single deposit @ 10.25% over Rs 15 lacs
- NO TDS DEDUCTION FROM INTEREST PAID/PAYABLE TO THE MEMBERS.
- Extension counter at Nagdevi and branches at Marine Drive and Goregaon

**AS ALWAYS.......................................WE ARE WITH YOU**

## તેજસ્વી વિદ્યાર્થીઓનું અભિવાદન

એસ.એસ.સી., એચ.એસ.સી. કૉલેજ લેવલ, ડીગ્રી ડિપ્લોમા કોર્ષ તેમજ અનેક શૈક્ષણિક ક્ષેત્રોમાંથી સમાજના વિદ્યાર્થી ભાઈ–બહેનો તેમની વાર્ષિક પરિક્ષામાં ઉચ્ચ સ્તરના ગુણાંક મેળવીને ગૌરવપ્રદ સિદ્ધિ હાંસલ કરી છે, તેઓને મંડળ તરફથી પારિતોષિક તથા મેરીટ સર્ટિફિકેટ એનાયત કરી દર વર્ષે અભિવાદન કરવામાં આવે છે. સદરહુ પારિતોષિક મેળવવા માટે વિદ્યાર્થીઓએ સંસ્થાએ નિયત કરેલ અરજીપત્રક ભરવાનું હોય છે. જેની સાથે છેલ્લી પરીક્ષાની માર્કશીટની ઝેરોક્ષ કોપી બીડવાની હોય છે. તે મુજબ સદરહુ પ્રાઈઝ મેળવવા અંગે ઘણા વિદ્યાર્થી મિત્રોએ તેમના ફોર્મ ભરીને મોકલી આપેલ છે. જો આપનું ફોર્મ ભરવાનું રહી ગયું હોય કે પરિણામ હવે આવેલ હોય તો વહેલામાં વહેલી તકે તે અંગેનું અરજીપત્રક સંસ્થાના મુખ્ય કાર્યાલયમાંથી મેળવી સંપૂર્ણ વિગતોસહ ભરી **તા. ૩૧–૮–૨૦૧૧** સુધીમાં મોકલાવી આપવા વિનંતી.

**નોંધ : કાર્યાલય ખાતે ભરાઈને આવેલ અરજીપત્રક મુજબ જ ગુણવત્તાના ધોરણે પ્રાઈઝ એનાયત કરવામાં આવશે.**

## પોસ્ટ ગ્રેજ્યુએટ મેરીટ સ્કોલરશીપ

**શ્રી પાટણ જૈન મંડળ અને શ્રી કેશવલાલ કીલાચંદ ચેરીટેબલ ટ્રસ્ટ** દ્વારા સંયુક્તપણે પ્રતિવર્ષ પોસ્ટ ગ્રેજ્યુએશનનો ઉચ્ચ અભ્યાસ કરનાર, પ્રતિભાશાળી / તેજસ્વી વિદ્યાર્થી ભાઈ–બહેનોને શૈક્ષણિક ગુણવત્તાના ધોરણે વાર્ષિક **રૂા. ૧૦,૦૦૦/-** ની એક એવી બે પોસ્ટ ગ્રેજ્યુએટ મેરીટ સ્કોલરશીપ આપવામાં આવે છે. તદ્અનુસાર આ વર્ષે બીઝનેસ મેનેજમેન્ટ, મેડીકલ સાયન્સ, કૉમ્પ્યુટર એન્જિનિયરીંગ, આઈ.એ.એસ. અથવા ડૉક્ટરેટ પી.એચ.ડી. (કોઈપણ વિષય) તેમજ આવા પ્રકારના ઉચ્ચ કક્ષાના પોસ્ટ ગ્રેજ્યુશન કોર્ષના અભ્યાસમાં જોડાયેલ વિદ્યાર્થી ભાઈ–બહેનોને મેરીટ સ્કોલરશીપ આપવા અંગે અરજીપત્રક મંગાવવામાં આવે છે. મંડળના કાર્યાલયમાંથી આ અંગેનું ફોર્મ મેળવી સંપૂર્ણ વિગતોસહ ભરીને **તા. ૩૧–૮–૨૦૧૧** સુધીમાં પરત મોકલાવી આપવા વિનંતી છે. **પ્રસ્તુત સ્કોલરશીપ માટે, વિદ્યાર્થીઓની શૈક્ષણિક ક્ષેત્રની તેજસ્વીતાને જ પ્રાધાન્ય આપવામાં આવે છે.**

**❑ શિક્ષણ સમિતિ**

## વ્યાખ્યાન અહેવાલ

શ્રી પાટણ જૈન મંડળ પ્રોગ્રામ સમિતિ દ્વારા રવિવાર, તા. ૧૫–૮–૨૦૧૧ ના દિને શ્રી પાટણ જૈન મંડળ સભાગૃહ ખાતે **શ્રી પોપટલાલ ભીખાચંદ ઝવેરી સ્મૃતિ વ્યાખ્યાન**નું આયોજન કરવામાં આવેલ.

કાર્યક્રમની શરૂઆતમાં પ્રોગ્રામ સમિતિના માનદમંત્રી **શ્રી વિક્રમભાઈ સારાભાઈ શાહ** દ્વારા પધારેલ સર્વે ભાઈ–બહેનોને ઉષ્માભર્યો આવકાર આપવામાં આવેલ તેમજ વક્તા **ડૉ. કોકિલાબેન શાહ**નો પરિચય કરાવવામાં આવેલ તથા આભારવિધિ કરવામાં આવેલ.

શ્રીમતી સેજલ શાહ દ્વારા સુંદર ભક્તિ સંગીત પીરસવામાં આવેલ. તેમનું માનવંતા પ્રમુખ શ્રી જે. કે. શાહ તથા મંડળના ટ્રસ્ટી અને દાતા શ્રી વી. પી. શાહના વરદ્ હસ્તે પુષ્પગુચ્છ એનાયત કરી અભિવાદન કરવામાં આવેલ. **ડૉ. કોકિલાબેન શાહ દ્વારા આત્મસિદ્ધિ શાસ્ત્ર** અંગેની વિશિષ્ટ શૈલીમાં અધ્યાત્મિક રજૂઆત કરવામાં આવેલ. તેમનું **શ્રીમતી કલ્પનાબેન વિરેન્દ્રભાઈ શાહ**ના વરદ્ હસ્તે રજત સ્મૃતિચંદ્રક તથા પુષ્પગુચ્છ એનાયત કરી અભિવાદન કરવામાં આવેલ.આ પ્રસંગે મંડળના હોદ્દેદારો, દાતા પરિવારના સભ્યો, વ્યવસ્થાપક સમિતિ તેમજ પ્રોગ્રામ સમિતિના સભાસદો તથા અન્ય ભાઈ–બહેનો ઉપસ્થિત રહેલ.

કાર્યક્રમના અંતમાં દાતા પરિવાર તરફથી રાખવામાં આવેલ પ્રભાવનાનો લાભ લઈ ખુશનુમા વાતાવરણમાં સૌ વિખરાયેલ.

**❑ પ્રોગ્રામ સમિતિ**

### સમાજ વિકાસ ફંડ (ક્રમશ:)

શુભેચ્છકદાતા

- **શ્રી ક્રિશિતભાઈ ભાવેશભાઈ દેવેન્દ્રભાઈ શાહ,**
  **હસ્તે : શ્રી દેવેન્દ્રભાઈ ભોગીલાલ શાહ, જાકુજીવાળા (તંબોલીવાડો)**

**સમાજ વિકાસ ફંડમાં વાર્ષિક રકમ આવકાર્ય છે**

| | |
|---|---|
| મુખ્ય દાતા | રૂા. ૩ લાખથી વધુ |
| આધારસ્તંભદાતા | રૂા. ૩ લાખથી ૧ લાખ |
| સહાયકદાતા | રૂા. ૧ લાખથી ૨૫ હજાર |
| શુભેચ્છકદાતા | રૂા. ૨૫ હજારથી ઓછી |


**શ્રી પાટણ પાંજરાપોળ** આઝાદ ચોક, પીંપળાશેરી, પાટણ (ઉ.ગુ.) - ૩૮૪૨૬૫ ● ફોન : (02766)220203 **સંચાલિત**

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)**

કાર્યાલય:મે. સી. વાડીલાલની કું., ૫૧/૫૩, નાગદેવી ક્રોસ લેન, ૨જે માળે, મુંબઈ-૩. ફોન : 23429012-13 website : www.patanpanjarapole.org

**પાંજરાપોળની વિવિધ સહાય યોજના**

| | | | |
|---|---|---|---|
| પશુ માટે શેડ | રૂા. ૧,૦૦,૦૦૦ | પશુઓને એક દિવસ લાપસી અને ઘાસચારો | રૂા. ૨૧,૦૦૦ |
| કાયમી નિભાવ ફંડ | રૂા. ૫૧,૦૦૦ | પશુઓને એક દિવસ ઘાસચારો | રૂા. ૧૫,૦૦૦ |
| પશુઓને લાપસી (કાયમી તિથિ) | રૂા. ૩૧,૦૦૦ | પશુઓને માસિક દવા ચિકિત્સા | રૂા. ૧૧,૦૦૦ |
| આધાર સ્તંભ | રૂા. ૨૧,૦૦૦ | કાયમી ઘાસની તિથિ | રૂા. ૫,૦૦૦ |
| | | પક્ષીઓને કાયમી ચણતિથિ | રૂા. ૨,૦૦૦ |

**લાભાર્થીઓના નામ આરસની તક્તી પર લખાશે.** **લાભાર્થીઓના નામ તિથિને દિવસે બોર્ડ પર લખાશે.**

અભયદાન થકી પરભવમાં સૌભાગ્ય આરોગ્ય, દિર્ઘાયુ અને ઐશ્વર્ય સંપદા મેળવી શકાય છે.

ગુજરાત સરકારે જાહેરકરેલ ગુજરાત રાજ્યની સર્વશ્રેષ્ઠ પાંજરાપોળ ● આયકર કાયદા ૮૦જી અન્વયે સંસ્થાને આપેલ દાન મજરે મળે છે

સૌજન્ય : શ્રી નરેશભાઈ નેમચંદ શાહ ● મે. એન. એન. શાહ એન્ડ કું. (C.A.)

advt

## શતાબ્દી વર્ષે દાન પ્રવાહનો મહિમા

જો મરણ આ જીંદગીની અરે હા ? છેલ્લી દશા તો પરમાર્થે અર્પવામાં આ જીવનનો મોહ શો ? માણસ ખાલી હાથે આવ્યો ને ખાલી હાથે જવાનો છતાં માણસના જીવનમાં લોભ, લાલચ શા માટે ? આજથી દાનની શરૂઆત કરો. જેટલું ભેગું કરશો તેટલું અહીં રહી જવાનું છે. જેટલું વહેંચશો તેટલું સાથે આવવાનું છે. મતલબ કે જે સતકર્મ, સેવા, માનવ કલ્યાણ, જીવદયા, દાન દ્વારા જીવનને ભર્યું ભર્યું બનાવી શકે છે, એ આ ધરતી ઉપરથી ખાલી હાથે જતો નથી. જેનું અંતઃકરણ પાવનતાથી લીલુંછમ ભર્યા ભર્યા હ્રદયે સત્કર્મોની મૂડી લઈ સમૃદ્ધ હાથે પાર્થિવ લોકમાંથી વિદાય થઈ શકે છે.

**Some fragrance always remains in the**
**hands of those who distribute roses.'**

લક્ષ્મીનો સિક્કો દાનની લાગણીથી દાનમાં વાપરશો તો સોનામહોર થઈને પાછો આવશે, અને ખિસ્સામાં રાખી મૂકી વિદાય લઈ લેશો તો કિંમત ઢબુડી બરાબર છે.

'કોઈ આપે ફૂલ, કોઈ આપે સુગંધ.
કોઈ આપે બાગ, કોઈ આપે દાન !'

દાન એ ઈશ્વર પાસે પહોંચવાનો સીધો રસ્તો છે. દાન એ ધર્મની પૂર્ણતા છે અને તેની શોભા છે. દાનના પ્રકાર ઘણાં છે. ચક્ષુદાન, દેહદાન, રક્તદાન, ત્વચાદાન, કન્યાદાન, ધનદાન. ધન અઢળક કમાવવું દરેકના ભાગ્યમાં નથી, પણ ધન કમાવ્યા પછી સારા અને સાચા માર્ગે ધન વાપરવું એ પણ મોટો પડકાર છે. દાન માટે કહેવાય છે એ હાથનું આભૂષણ છે. દુઃખીને મદદ કરવા લંબાયેલો એક હાથ પ્રાર્થના કરવા જોડાયેલા બે હાથ કરતાં વધારે સાર્થક છે.

પાટણ સમાજનો સુવર્ણકાળ ચાલે છે. પાટણના લબ્ધપ્રતિષ્ઠિત, લક્ષ્મી જેમના ઉપર ચારે હાથે વરસી રહી છે તેવા સજ્જનો માટે એટલું કહેવામાં અતિરેક નહિ ગણાય કે આ પાટણ જૈન મંડળના શતાબ્દિ વર્ષમાં જગડુશા જેવા અન્ય દાનેશ્વરી મંડળ ઉપર વરસી પડી પાટણના ઈતિહાસમાં વસ્તુપાળ, તેજપાળ જેવું નામ લખાવી શકવાની પુરેપુરી શક્યતા છે.

*'દિલ મારું પુછે છે અરે દોસ્ત તું ક્યાં જાય છે.*
*જરાક તો નજર નાંખ, સામે કબર દેખાય છે.*
*કોઈને સામે રૂપિયા, કોઈને ડૉલર દેખાય છે.*
*તમે જ કહો મિત્રો શું આને જીંદગી કહેવાય છે.'*

જેમ ફૂલોને સુવાસ જોઈએ, પંખીને આકાશ જોઈએ,
શતાબ્દિ વર્ષમાં આપના દાનનો પ્રવાહ જોઈએ.
આખરમાં આભાર સાથે–

**`Service to other is the rent that**
**we pay on earth for our room in HEAVEN'**

**☐ વર્ધમાન એન. શાહ**

## આઝાદી ક્યાંક ખોવાઈ ગઈ !

*આઝાદી ક્યાંક ખેરવાઈ ગઈ!*
*ગર્ભમાંના નવજાત શીશુની–*
*નવ માસની વેદના વેઠીને,*
*નવજીવન માટેની આશાએ!*

*મુક્ત શ્વાસની પ્રથમ ક્ષણને–*
*માતૃત્વ તણી અસ્ખલિત ધારા*
*હાથ પગ ફરી ફરી બંધાયા–*
*લાગણી ક્યાંક અટવાઈ ગઈ!*

*બેસતા, ઊઠતા, ચાલતા શીખી,*
*બારાખડી ને જેક–એન–જીલ,*
*વન ટૂ કા ફોરનાં વ્યવહારે–*
*ક્ષણો સ્કૂલબેગે સમાઈ ગઈ!*

*સ્વેચ્છાએ નીતનવું શીખવાને–*
*જ્ઞાન ક્ષણોમાં ગયું સળવાઈ,*
*યુવાની ઊંબરમાં અટવાઈ,*
*ક્રિડા શૈશવની ખોવાઈ ગઈ!*

*કૉલેજથી આવ્યા સ્નાતક થઈ*
*ઘડતર જવાબદારી સાથે–*
*વૈભવ તણી વાર્તા ગુંચવાઈ*
*ને સમિકરણો વેરાઈ ગઈ!*

*જિંદગીની શરૂઆત થઈ ને–*
*જવાબદારીઓ ઝીંકાઈ ગઈ–*
*શ્વાસની ક્ષણો વરતાઈ ગઈ*
*કર્મને કાજે કરમાઈ ગઈ!*

*અસ્તિત્વની આભા અંકાઈ ગઈ!*
*પરિવાર માટે વણાઈ ગઈ,*
*પલક ક્ષણો મીંચીને ખોલતા–*
*આશા સઘળી અકળાઈ ગઈ!*

*ભયના આતંકે ઘેરાઈ ગઈ–*
*લોહી તણી સગાઈ ઝરી ગઈ,*
*ને માનવતા મુરઝાઈ ગઈ*
*એ આઝાદી ક્યાંક ખોવાઈ ગઈ!*

**☐ મ. ને.**


## લગ્નસંબંધી

યુવકનું નામ : **ધર્મેશ સેવંતીલાલ શાહ** (કોકાનો પાડો)
માતા–પિતા : દક્ષાબેન–સેવંતીલાલ જેસંગલાલ શાહ
જન્મ : તા. ૫–૭–૮૨, અભ્યાસ : બી. કોમ.
કેમીકલ લિમિટેડ કંપનીમાં ચીફ એકાઉન્ટન્ટ, વેલ સેટલ્ડ, ફેર, બ્રીલીયેંટ, સુશીલ, હાઈટ : ૫'-૮''
પાત્રની અપેક્ષા : અભ્યાસ ઓછો હશે તો ચાલશે.
ફોન : ૨૮૮૦૪૩૮૮, મોબાઈલ : ૯૮૯૨૮૨૫૮૭૦. જાxખ

## લગ્નસંબંધી

નામ:**સાહિલ કિરીટભાઈ શાહ** માતાપિતા: ઉષાબેન કિરીટભાઈ શાહ
જન્મ : ૧૩–૦૫–૧૯૮૫. મુંબઈ. હાઈટ : ૫'-૧૦''
અભ્યાસ : બી. કોમ. મહોલ્લો : કુંભારીયા પાડો,
મારકેટીંગ મેનેજર સ્ટાર ડાયમંડ, હોંગકોંગ.
ફોન : ૨૩૮૮૯૯૭૯ મોબાઈલ : ૯૮૧૯૪૬૫૩૫૦
E-mail : sahil_shah135@yahoo.com.in
**ટૂંક સમયમાં મુંબઈ આવનાર છે.** જાxખ

# સંસ્થા સમાચાર

## હાર્દિકઅભિનંદન

શ્રી જીતેનભાઈ રમેશચંદ્ર શાહ (કનાસાનો પાડો–અંધેરી)ની સુપુત્રી **ચિ. નિલ્લવી** એ શ્રી ઉત્પલ સંઘવી સ્કૂલ–જુહુ સ્કીમમાંથી ઈન્ટરનેશનલ ગ્રેજ્યુએશન IG (ધો. ૧૦)ની પરીક્ષામાં વર્લ્ડ ટોપર પાંચ વિષયોમાંથી ચાર વિષયમાં ૧૦૦ માંથી ૧૦૦ ગુણાંક મેળવી ૮ માંથી ૭a* મેળવેલ છે. એકંદરે ૯૬% અને ૯૯% માર્ક્સ મેળવી સ્કૂલમાં પ્રથમ આવી જ્વલંત સિદ્ધિ મેળવેલ છે તે બદલ અભિનંદન. ચિ. નિલ્લવી અભ્યાસ ક્ષેત્રે ઉત્તરોત્તર પ્રગતિ સાધે એ જ શુભેચ્છા

## શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બૉર્ડ

જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બૉર્ડ ૧૦૨ વર્ષથી અખંડ રીતે ધાર્મિક પરીક્ષા ધોરણ ૧ થી ૨૨ સુધીની લેખીત પરીક્ષા લેવાનું આયોજન કરે છે. શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બૉર્ડ, શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સંઘ, શ્રી જૈન ધાર્મિક શિક્ષણ સોસાયટીના સહયોગથી જાન્યુઆરીમાં પરીક્ષાઓ લેવાય છે.શ્રી જૈન શ્વેતામ્બર એજ્યુકેશન બૉર્ડ-શ્રાદ્ધ પ્રતિક્રમણ સુત્ર–પ્રબોધ–ટીકા ભાગ–૧, ૨, ૩ ની જૈન ધાર્મિક પરીક્ષા લેવાનું આયોજન કરે છે.

આપના ક્ષેત્રની પાઠશાળાઓના વિદ્યાર્થીઓને આ પરીક્ષાઓમાં ભાગ લેવા પ્રેરણા આપવા નમ્ર વિનંતી છે. આપ આપની પાઠશાળામાં પરીક્ષાનું આયોજન કરશો. અમે પ્રશ્નપેપર મોકલી આપશું અને આપે મોકલાવેલ ઉત્તરપેપર તપાસી, પરિણામ, પ્રમાણપત્ર તથા ઈનામ મોકલી આપશું. આ પરીક્ષા ગુજરાતીભાષા તથા હિન્દીભાષામાં લેખીત લેવામાં આવે છે.

સંપર્ક : જવાહરલાલ મોતીલાલ શાહ–૯૮૧૯૦ ૯૩૩૪૨
દિલીપભાઈ ચંપકલાલ શાહ–૯૮૩૩૧ ૩૧૩૩૨

## ભૂલ સુધાર

પાટણ પ્રતિબિંબ જુન માસમાં અભિનંદનમાં ચિ. નિશી હરનીશ શાહ મારફતીયા મહેતાનો પાડોના બદલે તંબોલી વાડો સુધારીને વાંચવું.

### વિશ્વાસ

- *તમારી મરજીમાં આવે તેનો અવિશ્વાસ કરજો, પણ તમારી જાતનો કદી ય અવિશ્વાસ કરશો નહિ.*
- *માનવીનો ગુણ છે વિશ્વાસ અને શયતાનનો ગુણ છે શંકા.*
- *વિશ્વાસનો જન્મ હૃદયથી થાય છે, બુદ્ધિથી નહિ.*
- *વિશ્વાસ એટલે વિશ્વનો શ્વાસ*
- *વિશ્વાસ જીવન છે, અવિશ્વાસ મૃત્યુ*

## શુભ વિવાહ

**સંવત ૨૦૬૭**

| તિથિ | વાર | તારીખ | વડીલ | પુત્ર/પુત્રી | સ્થાન |
|---|---|---|---|---|---|
| શ્રાવણ વદ–૧ | રવિવાર | તા. ૧૪–૮–૨૦૧૧ | શ્રી કેતનભાઈ નવનીતલાલ શાહ | ચિ. સાહિલ | (ખેતરવસી) |
| | | | શ્રી ધીરેનભાઈ સેવંતીલાલ શાહ | ચિ. મૌનેષી | (ડંક મહેતાનો પાડો) |
| જેઠ સુદ ૧૧ | રવિવાર | તા. ૧૨-૦૬-૨૦૧૧ | શ્રી કિશોરભાઈ મહેન્દ્રભાઈ શાહ | ચિ. અંકિત | (પડીગુંદીનો પાડો) |
| | | | શ્રી ભરતભાઈ રમણીકલાલ મહેતા | ચિ. બીંદી | — |
| અષાઢ સુદ–૧૦ | રવિવાર | તા. ૧૭–૭–૨૦૧૧ | શ્રી હર્ષદભાઈ ચીનુભાઈ શાહ | ચિ. વિરલ | (શાંતીનાથની પોળ) |
| | | | શ્રી નરેન્દ્રભાઈ ચંદુલાલ શાહ | ચિ. કૃતિ | (ખંભાત) |


## શ્રી પાટણ પંચાયત ફંડ સંચાલિત શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા

ટાંગડિયા વાડો, પાટણ–ફોન : ૦૨૭૬૬–૨૨૫૮૫૩

### નૂતન સહાય યોજના

**મુખ્ય આધાર સ્થંભ : રૂા. ૩,૧૧,૦૦૦/- ● સહાયક આધાર સ્થંભ : રૂા. ૧,૧૧,૦૦૦/-**

**કાયમી તિથિ : રૂા. ૩૧,૦૦૦/- ● દાતા ફોટો યોજના : રૂા. ૩૧,૦૦૦/-** રકમ આપનાર દાતાનો ફોટો ભોજનશાળા હૉલમાં મૂકવામાં આવશે.

**વાર્ષિક ચતુર્વિધ સંઘ ભક્તિ સહાયક યોજના : રૂા. ૨,૫૦૦/-** ચતુર્વિધ સંઘ ભક્તિનો એક દિવસની તિથિનો લાભ મેળવી શકો છો.

**તિથિના દિવસે બોર્ડ પર લાભાર્થીના નામ લખવામાં આવશે.**

**આ સંસ્થાને અપાતું દાન ૮૦–જી અનુસાર કરવેરામાં રાહતને પાત્ર છે**

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એટલે કે ચતુર્વિધ સંઘ જૈની ગણના જૈનશાસ્ત્રમાં પચ્ચીસમાં તીર્થંકરની બરાબર કરવામા આવેલ છે. એ ચતુર્વિધ સંઘની ભક્તિનું ઉત્કૃષ્ટ કાર્ય આપણા વડીલોએ સ્થાપેલ પાટણની આ ગૌરવવંતી સંસ્થા છેલ્લા ૧૧૦ વર્ષથી કરતી આવી છે. આપશ્રી પણ આપની ભાવના અનુસાર ઉપરોક્ત કોઈપણ યોજનામાં સહયોગ આપી સમાજસેવાનું અતિ ઉત્કૃષ્ટ કાર્ય કરી શકો છો.

● સૌજન્ય : **મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ. તથા મે. કે. સેવંતીલાલ એન્ડ કું., મુંબઈ** ● (જાXખ)

## પાટણના પનોતા પુત્ર ગચ્છાધિપતિ પૂ. આ. ભ. જયઘોષસૂરીશ્વરજી મ.સા.નું જીવન કવન

વ્યક્તિત્વ વ્યક્તિથી અભિન્ન છે છતાંય સતત વહેતું ઝરણું છે. વ્યક્તિની ક્રિયા કે પ્રક્રિયામાંથી વ્યક્તિત્વનો પ્રતિધ્વનિ પ્રઘોષ પામે છે તેનું પ્રતિબિંબ વ્યવહારમાં પડે છે. સિદ્ધાંત મહોદધિ પૂ. આ. ભ. વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા. અને ન્યાય વિશારદ **પૂ. આ. ભ. વિજયજીવનભાનુ સૂરીશ્વરજી મ.સા.**ના કૃપાપાત્ર ગચ્છાધિપતિ **પૂજ્યપાદ આ. ભ. વિજયજયઘોષ-સૂરીશ્વરજી**ના સુવાસિત વ્યક્તિત્વની મહેક ફેલાવતી પ્રસંગમાળ **'સિદ્ધાંત દિવાકર'**માં **મુનિ શ્રી રત્નભાનુ વિજયજી**એ બખુબી વ્યક્ત કરી છે.

પૂ. આ. ભ.ની શ્રુતપરિકર્મિત પ્રજ્ઞાના ઝગમગાટ, નિર્મળ ગુણ પરિણતિનું દિવ્ય સંગીત કે સંઘવાત્સલ્ય વિવિધ પ્રસંગોએ ઝળહળે છે. જીવનના ૭૫ પ્રસંગોની અર્થમાળાના મોતીબિંદુમાંથી જિન વચન અને મર્મજ્ઞતાનો પડઘો હૈયાના ઊંડાણમાંથી સ્વયંસ્ફૂરિત થાય છે. ખરા શબ્દોમાં એક એક પ્રસંગમાંથી પ્રેરણાનું દિવ્ય અમૃત આપોઆપ નીતરે છે જે જીવનનો શ્રેષ્ઠ માર્ગ દર્શાવે છે.

પૂજ્યશ્રીની જીવન યાત્રાના પ્રત્યેક પ્રસંગની સફર આપણામાં અનન્ય અને અકલ્પનીય અનુભૂતિ પેદા કરવા સક્ષમ છે. અનન્ત ચિંતામણીરત્નના મહાસાગરની અગાધ જલસમૃદ્ધિ અવર્ણનીય અને અદ્વિતિય છે. **સિદ્ધાંત દિવાકર** પુસ્તકમાં મહાન ગચ્છાધિપતિના જીવન કવનના પ્રસંગો ને વિરાટ વ્યક્તિત્વને ગાગરમાં સાગર જેમ સમાવિષ્ટ કરવામાં આવેલ છે. સાગર અમાપ અને અફાટ છે.

ઈતિહાસનાં પૃષ્ઠો પર સુવર્ણાક્ષરે અંકિત ૭૫ વર્ષો અને ૭૫ પ્રસંગોએ **'સિદ્ધાંત દિવાકર'**માં સમાવેલ અને મુદ્રિત કરેલ જીવનના ઉકેલ્યા કે વણઉકેલ્યા પ્રસંગોનો અદ્‌ભુત સંપૂટ છે જે જગતના પામર માનવીઓને પ્રકાશમાં સત્યની રાહની પગદંડી દર્શાવે છે.

આ ઉપરાંત ખાસ બાળકો માટે ગચ્છાધિપતિ **પૂ. આ. ભ.વિજયજયઘોષ સૂરીશ્વરજી**ના જીવનના ૨૫ અદ્‌ભૂત પ્રસંગોનો ગુલદસ્તો **મુનિ શ્રી રત્નભાનુ વિજયજીએ** આપણને ભેટ આપેલ છે. સરળ અંગ્રેજી ભાષામાં લખેલ અને ઉચ્ચ વિચારોનું દર્શન કરાવતું આ પુસ્તક **`A live story'** આજના વિદ્યાર્થીઓને જ્ઞાન સાથે ગમ્મત આપી જાય છે.

દરેક પ્રસંગની સમાપ્તિએ **મુનિશ્રી રત્નભાનુવિજયજી**એ તારવેલા નિષ્કર્ષો બાળમાનસ પર અદ્‌ભુત અને અનન્ય છાપ મૂકી જાય છે. સુંદર અને સુઘડ છાપકામ અને મનનીય પ્રસંગો બાળ હૈયાને સ્પર્શી જાય તેવા નાજુક અને નમણા છે. વ્યથીત વર્તમાન અને ભવ્ય ભવિષ્યકાળ તરફ પા પા પગલી માંડવા આ પુસ્તક એક નવલું નજરાણું સાબિત ન થાય તો જ નવાઈ. ગચ્છાધિપતિના અમૃત મહોત્સવે પ્રકાશિત આ બન્ને પુસ્તકોના પ્રાપ્તિ સ્થાન :

(૧) **શ્રી જીજ્ઞેશભાઈ અરવિંદભાઈ શાહ,**
'પંચાસર', મરીન ડ્રાઈવ, મુંબઈ-૪૦૦ ૦૦૩.
M. : 9821554990

(૨) **ડૉ. આશિષભાઈ પી. શાહ**
દત્તાની એપાર્ટમેન્ટ, એલ. ટી. રોડ, બોરીવલી (વે).
M. : 9821090992

(૩) **શ્રી સત્યેનભાઈ શાહ**
જવાહર નગર, એસ. વી. રોડ, ગોરેગાંવ (વે.)
M. : 9892164548

## સદૈવ અગ્રેસર 'પાટણ પ્રતિબિંબ'

### પ્રતિબિંબનો પમરાટ

'સપ્તરંગોની લઈ છટા ખીલી છે ઉષા ગુલાબી...
મહેંકે છે સહસ્ર પુષ્પોની પરિમલ છે પ્યારી...
૧૫મી ઑગસ્ટ છે પ્રતિબિંબના જન્મ દિનની ખુશાલી
સ્વીકારજો **સુરેશ ચોધરીની** શુભેચ્છા જગથી નિરાલી
એક એક સભ્યને, સ્નેહને તાંતણે જોડતું...
તાત્વિક, સાત્વિક લેખ આપતું...
ધર્મના મર્મને સમજાવતું,
નાનેરા વિરલાઓને બિરદાવતું,
અભિનંદન અને શોક સંદેશને સમાવતું
કવિઓની લાગણીને રજૂ કરતું,
સ્વતંત્ર, નિષ્પક્ષ, નિસ્વાર્થભાવે કાર્ય કરીને,
સહુનું મંગલમય બની રહેતું,
સદૈવ અગ્રેસર **'પાટણ પ્રતિબિંબ'**ને આકાશની ઊંચાઈ
અને વિશાળતા પણ ઓછાં પડે.

**☐ શ્રી સુરેશ સુરજમલ ચૌધરી**

## આતંક...જંગ કે સમાધાન

*મુંબઈ માલદાર બનવાનું કેન્દ્રિય સ્થાન*
*હુમલાખોરોનું પણ મનગમતું યાત્રાધામ*
*ક્યારેક તાજ, ઑબેરોય કે બોરીબંદર–*
*ઉપનગર–ઓપેરાહાઉસ કે ઝવેરીબજાર,*
*હજી વળે નહીં જ્યાં એક બનાવની કળ*
*ત્યાં તો બીજો ઘમરોળવા હોય તૈયાર!*
*નામ ભલે હો નોખા નોખા–*
*રહ્યો તેમનો બસ એક જ નિર્ધાર!*
*હા, હવે થોભતું નથી શહેર ઘડીભર*
*ચાલ્યા કરે છે સઘળા વ્યવહાર નિરંતર*
*હાંફી ગયું છે, ત્રાસી ગયું છે*
*બની ગયું છે પરવશ અને લાચાર!*
*થોભશે માત્ર તેટલો વિસ્તાર–*
*થયો હશે જે ઘટનાનો શિકાર–*
*થશે ફના વેપારી કે પછી દુકાનદાર!*
*રાહદારી, રેકડીવાળો કે પહેરેદાર!*
*શું થશે કોઈ તૈયાર ઝીલવા જંગનો પડકાર?*
*હરવા સર્વથા તે આતંકનો અંધકાર?*
*કે...આમ જ અથડાશે કાને નિરંતર*
*નિર્દોષ માનવબલિ ચિત્કાર...!*

**☐ શ્રી જ્ઞાનેશ લાપસીયા**

## શ્રી પાટણ જૈન મંડળ

**સંચાલિત**

**શ્રી ભોગીલાલ દોલતચંદ સાર્વજનિક વિદ્યાલય, પાટણ**

શાળાના માજી આચાર્ય **શ્રી બી. જી. ગોસ્વામી**એ શાળા અને સંસ્થાનું ઋણ ચુકવવાના ભાગ રૂપે શાળાના વિદ્યાર્થીઓના ઈનામી ફંડમાં રૂા. ૧૦,૦૦૦/- અંકે રૂપિયા દશ હજાર પુરા સ્વૈચ્છીક રીતે મોકલાવેલ છે. સદરહુ મૂળ રકમના વાર્ષિક વ્યાજમાંથી દર વર્ષે ધો. ૯-૧૦-૧૧ અને ૧૨ની વાર્ષિક પરીક્ષામાં પ્રથમ ક્રમાંકે ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પ્રાઈઝ આપવામાં આવશે. **'આચાર્ય શ્રી ભગવાનભારતી ગણેશભારતી ગોસ્વામી પ્રાઈઝ'**ના નામે આ ઈનામ આપવામાં આવશે. શાળા સાથેનો સંબંધ કાયમી જીવંત રાખવા માટેનો આ ઉમદા હેતુ પ્રસંશાને પાત્ર છે. સંસ્થા અને શાળા તેઓનો હાર્દિક આભાર માને છે.

શાળાના આર્થિક જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓને દર વર્ષે ફીમાફી, ગણવેશ, પાઠ્યપુસ્તક વિગેરે શૈક્ષણિક સહાય આપવા માટે **શ્રી હરેન એન્ડ પુષ્પા શેઠ ચેરીટેબલ ટ્રસ્ટ (સાંતાક્રુઝ-મુંબઈ)**ના મેનેજીંગ ટ્રસ્ટી **શ્રી હિંમતભાઈ શેઠ તરફથી સ્વ. શ્રીમતી પુષ્પા શેઠ**ના નામે રૂા. ૧,૦૦,૦૦૦/- ની મૂળ રકમ મંડળમાં કાયમી જમા રાખી તેના વ્યાજની રકમમાંથી શૈક્ષણિક સહાય આપવા માટે સંસ્થાને ભેટ તરીકે આપેલ છે. જે દાન શાળાના આર્થિક રીતે જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓને ખૂબ જ સહાયભૂત થશે. શાળાના વિકાસમાં આર્થિક રીતે સહાયભૂત થવા બદલ દાતા પરિવારનો સંસ્થા અને શાળા હાર્દિક આભાર માને છે.

**શેર એન્ડ કેર ફાઉન્ડેશન, ન્યુજર્સી** દ્વારા શાળાની ન્યુ કૉમ્પ્યુટર લેબ. માટે કૉમ્પ્યુટર, સાધનો, ફરનિચર વિગેરે સુવિધાઓ સહિતના અદ્યતન લેબ. માટે કુલ ૧૧૦૦ ડોલર આપી શાળાના અને વિદ્યાર્થીઓના વિકાસમાં બહુમૂલ્ય ફાળો આપેલ છે. સંસ્થા અને શાળા તેઓનો હાર્દિક આભાર માને છે.

વિદ્યાલય સમિતિના માનદ્‌મંત્રીઓ **શ્રી યશવંતભાઈ હરિલાલ ઝવેરી** તથા **શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ** શાળાની મુલાકાત લઈ શાળાના વિકાસ, શૈક્ષણિક બાબતો, વહિવટી બાબતો અને વાર્ષિક પરીક્ષાના પરિણામો અંગે આચાર્યશ્રી તથા શિક્ષક ભાઈ-બહેનો સાથે સઘન ચર્ચા વિચારણા કરી હતી. વાલી મંડળના પ્રતિનિધીઓ તથા વિદ્યાર્થીઓના વાલીઓ સાથે પણ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ, અભ્યાસ અને વિદ્યાર્થીઓની અભ્યાસ પ્રવૃત્તિઓ તથા શિસ્ત, સ્વચ્છતા વિગેરે માટે ચર્ચા વિચારણા કરી હતી.

શાળામાં સ્થાનિક દેખરેખ, માર્ગદર્શન અને શાળા વિકાસ માટે **ડૉ. રાજેન્દ્રભાઈ આર. શાહ, શ્રી મંગળભાઈ આર. શાહ, ડૉ. હેમેન્દ્રભાઈ મહેતા, ડૉ. અતુલભાઈ અગ્રવાલ**ની પાટણ ખાતે પેટા સમિતિની રચના કરવામાં આવેલ છે, કે જેઓ શાળા પરિવારના કર્મચારી ભાઈ-બહેનો સાથે સતત સંકળાયેલા રહી સૂચનો અને માર્ગદર્શન આપે તેવી સંસ્થાની અપેક્ષા રહેલ છે.

શાળામાં આર્થિક જરૂરિયાતવાળા વિદ્યાર્થીઓને ફીમાફી, ગણવેશ, પાઠ્યપુસ્તકો તથા અન્ય શૈક્ષણિક સહાય યોગ્યતાના ધોરણે આપવામાં આવે છે. ઉચ્ચ કક્ષાએ ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પ્રાઈઝ આપવામાં આવે છે. શાળામાં રમતગમત ક્ષેત્રે તથા સાંસ્કૃતિક કાર્યક્રમો ઉપરાંત અદ્યતન વિવિધ લેબ., કૉમ્પ્યુટર લેબ. વિગેરે વિશેષ સુવિધાઓ અને સગવડતાઓ શાળા પૂરી પાડે છે. શાળાનો વિકાસ ઉત્તરોત્તર થતો રહ્યો છે.

**☐ વિદ્યાલય સમિતિ**

## "૩૩"

*પહાડને કચડી શકતા નથી, કીડીના પગ*
*ખળભળવા નથી માંડતો સૂતેલો સાગર માછલીના તરવાથી*
*ધરતીકંપ નથી આવતો ચકલી જો હલાવી દે એકાદ પાંખડી*
*પણ, ફરક પડે છે પાટણ સમાજને*
*જો એકાદ મહિનો 'પાટણ પ્રતિબિંબ' ન આવે તો..!*
*કારણ કે,*
*'પાટણ પ્રતિબિંબ' તો જ્ઞાનની પરબ, માહિતીનો ભંડાર*
*સમાજનો માર્ગદર્શક, હિંમત હૂંફનો આધાર.*

*જે શબ્દરૂપી દેહથી દર મહિને સમગ્ર પાટણ જૈન સમાજના ઘરે ઘર પહોંચતો સેન્ચુરી બેટ્સમેન માતૃ સંસ્થાનો (શ્રી પાટણ જૈન મંડળને), '૩૩' માં વર્ષમાં પ્રવેશતો સમાજનો તૂફાન મેલ, પાટણ દૂત, પાટણના પ્રતિબિંબનું પ્રતિબિંબ અને સંદેશ આપતી જ્યોત છે.*

HAPPY BIRTHDAY...! *પાટણ પ્રતિબિંબ.*
(15th August '79)

**☐ શ્રી દીપકભાઈ ગુણવંતલાલ શાહ (પૂના)**
(માજી પ્રમુખ, પાટણ જૈન મિત્ર મંડળ, પૂના)

## શ્રદ્ધાંજલિ

સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુઃખદ અવસાનની સખેદ નોંધ લઈ, પરિવારના દુઃખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માને ચિરઃશાંતિ અર્પે એ જ પ્રાર્થના!

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| વિશાશ્રીમાળી | મારફતીયામહેતાનોપાડો | કમળાબેન જયંતીલાલ શાહ | ૭૬ | મુંબઈ | ૨૪-૦૭-૧૧ | અષાઢ વદ-૯ |
| વિશાશ્રીમાળી | ઢંઢેરવાડો | જીતેન્દ્રભાઈ હિંમતલાલ ભોળા | ૬૫ | મુંબઈ | ૨૪-૦૭-૧૧ | અષાઢ વદ ૯ |
| દશા ઓસવાલ | વસાવાડો | ભીખીબેન બાબુલાલ શાહ | ૮૬ | મુંબઈ | ૩૧-૦૭-૧૧ | શ્રાવણ સુદ-૧ |
| દશાશ્રીમાળી | નિશાળનો પાડો | હિમાંશુભાઈ કાંતિભાઈ ચાહવાલા | ૪૨ | મુંબઈ | ૦૪-૦૮-૧૧ | શ્રાવણ સુદ-૫ |
| વિશાશ્રીમાળી | કનાસાનો પાડો | જ્યોત્સનાબેન રતિલાલ શાહ | ૮૫ | મુંબઈ | ૦૯-૦૮-૧૧ | શ્રાવણ સુદ-૧૧ |
| વિશાઓસવાલ | મારફતીયામહેતાનોપાડો | ભાનુમતિબેન નલીનકાંત શાહ | ૭૪ | મુંબઈ | ૧૨-૦૮-૧૧ | શ્રાવણ સુદ-૧૪ |

***ચક્ષુદાન કરેલ છે. ● યુવાનીમાં રક્તદાન ● મૃત્યુ બાદ ચક્ષુદાન ● ત્વચાદાન ● અંગદાન ● દેહદાન કરો અને કરાવો**

# સાભાર સ્વીકાર

**મંડળના વિવિધ ફંડો તથા પ્રવૃત્તિઓમાં સ્વૈચ્છિક આર્થિક ભેટ આપવા બદલ સર્વે શુભેચ્છકોનો હાર્દિક આભાર**

**મેડિકલ સહાય કોરપસ ફંડ**

૨,૦૦,૧૧૧/- શ્રીમતી હંસાબેન રમેશચંદ્ર પોપટલાલ શાહ (કનાસાનો પાડો)
હસ્તે : શ્રી જીતેનભાઈ રમેશચંદ્ર શાહ

**શૈક્ષણિક સહાય કોરપસ ફંડ**

૨,૦૦,૧૧૧/- શ્રીમતી હંસાબેન રમેશચંદ્ર પોપટલાલ શાહ (કનાસાનો પાડો)
હસ્તે : શ્રી જીતેનભાઈ રમેશચંદ્ર શાહ

૧,૦૦,૦૦૦/- શ્રીમતી લીલાવતીબેન પનાલાલ શાહ (વસાવાડો)

**શિક્ષણ સહાય ફંડ**

૧,૦૦,૦૦૦/- શ્રીમતી રસીલાબેન હરસુખલાલ બાપુલાલ શાહ મેમોરીયલ ચેરી. ટ્રસ્ટ (લખીયાર વાડો)
શ્રી હરસુખલાલ બાપુલાલ શાહના આયુષ્યના ૮૪ વર્ષની ખુશાલીમાં હસ્તે : શ્રીમતી દત્તાબેન નિર્મળભાઈ શાહ, શ્રીમતી આશાબેન અનિલભાઈ શાહ, શ્રીમતી માલિનીબેન જયેશભાઈ શાહ, શ્રીમતી પ્રીતિબેન શિરીષભાઈ શાહ, શ્રીમતી અંજના-બેન શરદભાઈ શાહ

**સમાજ વિકાસ ફંડ**

૧,૦૦,૦૦૦/- શ્રીમતી પુષ્પાબેન સેવંતીલાલ શાહ (ડંક મહેતાનો પાડો)

**વૃદ્ધજન સહાય ભેટ**

૫૦,૦૦૦/- શ્રી પ્રદિપભાઈ લક્ષ્મીચંદ ઝવેરી (ખેતરપાળનો પાડો)

૧૫૦૦/- શ્રીમતી ઈન્દિરાબેન વિનોદચંદ્ર શાહ (પોળની શેરી)
સ્વ. શ્રી વિનોદચંદ્ર મુલચંદ શાહના સ્મરણાર્થે

**વિદ્યાલય પ્રાઈઝ ફંડ**

૧૦,૦૦૦/- શ્રી બી. જી. ગોસ્વામી

૧,૦૦૦/- શ્રી પ્રકાશભાઈ રતિલાલ શાહ (મણીયાતી પાડો)
ચિ. નિખિલ C. A. Finalમાં આવ્યાની ખુશાલીમાં

**દવા સહાય ભેટં**

૧,૦૦૧/- શ્રીમતી નીરૂબેન બાપુલાલ શાહ (કોકાનો પાડો)
શ્રીમતી નીરૂબેન બાપુલાલ શાહના વર્ષીતપ નિમિત્તે

૧,૦૦૧/- શ્રી નિલયભાઈ નરેન્દ્રભાઈ કાંતિલાલ શાહ (મણીયાતી પાડો)
સુભદ્રાબેન કાંતિલાલ શાહના સ્મરણાર્થે

**લગ્ન પ્રસંગે ભેટ**

૫,૦૦૦/- શ્રી ધીરેનભાઈ સેવંતીલાલ શાહ (ડંક મહેતાનો પાડો)
ચિ. મૌનેષીના લગ્ન શ્રી સાહીલ કેતનભાઈ નવનીતલાલ સાથે થયાની ખુશાલીમાં.

**શિક્ષણ સહાય ભેટ**

૨,૫૦૦/- શ્રી પંકજભાઈ સેવંતીલાલ શાહ (મણીયાતી પાડો)
ચિ. કાંચી તથા કૃપા I.C.S.E. માં સારા ગુણાંકથી પાસ થયાની ખુશાલીમાં

૧૧,૦૦/- શ્રી નવીનચંદ્ર નેમચંદ શાહ (કનાસાનો પાડો)
ચિ. ખ્યાતિ પરાગ શાહને SSC માં ૯૨% માર્ક્સ મળ્યાની ખુશાલીમાં હસ્તે : શ્રીમતી પ્રીતિબેન પરાગ શાહ

૧,૦૦૧/- સ્વ. પ્રવિણાબેન હસમુખલાલ ભોગીલાલ કાંસાવાલા પરિવાર તરફથી ચિ. રિકીન કેતનભાઈ શાહ N. M. College માં B.Com.માં Top Ranks માં આવી તે ખુશાલીમાં (ખેતરવસીનો પાડો)

૧,૦૦૧/- સ્વ. પ્રવિણાબેન હસમુખલાલ ભોગીલાલ કાંસાવાલા પરિવાર તરફથી
ચિ. વિરલ કેતનભાઈ શાહ IPCC C.A. Final ની Exam માં ઑલ ઈન્ડિયા લેવલમાં ૭ મી રેન્ક આવી તે ખુશાલીમાં.

૨૫૧/- શ્રી હરેશભાઈ વ્રજલાલ શાહ (કનાસાનો પાડો)
ચિ. મેઘા C.A. Final માં પાસ થયાની ખુશાલીમાં

**વિકલાંગ ઉત્કર્ષ ભેટ**

૨,૧૫૦/- શ્રી રવિકાંતભાઈ સુમતીલાલ શાહ (મણીયાતી પાડો)

૧,૧૦૦/- શ્રી મણીલાલ ગભરૂચંદ શાહ (મણીયાતી પાડો)
હસ્તે : શ્રી પ્રફુલચંદ્ર મણીલાલ શાહ

૧,૦૦૦/- શ્રી પંકજભાઈ સેવંતીલાલ શાહ (મણીયાતી પાડો)
ચિ. કાંચી તથા ચિ. કૃપા ICSE માં સારા ગુણાંકથી પાસ થયાની ખુશાલીમાં

૫૦૦/- શ્રી હર્ષદભાઈ ચીનુભાઈ શાહ (શાંતિનાથની પોળ)
શ્રી વિરલના લગ્નની ખુશાલીમાં

**હેલ્થકેર સાધન ભેટ**

૧,૫૦૦/- શ્રી જીતુભાઈ જી. નીસર

૧,૦૦૦/- રસલ પ્રિન્ટો

૧,૦૦૦/- ચંદ્રબાળાબેન એન. મહેતા

૧,૦૦૧/- પોખરાજભાઈ જી. જૈન સ્વ. શ્રીમતી રંભાબેન પોખરાજભાઈ જૈનની સ્મૃતિમાં

## HEARTY CONGRATULATIONS

## BHAVIK PRAKASHBHAI SHAH – PRIDE OF PATAN AT IIT BOMBAY

It is a great pleasure and pride to inform that **BHAVIK PRAKASHBHAI SHAH** (S/o. Nainaben & Prakashbhai, (Zaveri Vado) has been felicitated **the Silver Medal at IIT Bombay** Convocation held on 7th August 2011 at the hands of Mr. K V Kamath, non-Executive Chairman, ICICI and Chairman designate, Infosys.

Silver Medal is awarded to the student who is the topper in class / stream. This is a great accomplishment, one of the rarest of rare as it can be said that around 55000 B. Tech. students have graduated so far from IIT Bombay (in last 50 years) and only less than 1000 students have this rare distinction of getting accomplished **THE SILVER MEDAL** It is certainly a great achievement and we, as Patanis take pride in Bhavik's distinguished award.

Earlier, Bhavik secured admission at IIT Bombay with all India rank in IIT - Joint Entrance Examination (JEE) in 2007 with all India rank of 222 and Zonal rank of 89 which is also a great accomplishment. Bhavik has also been awarded an internship program at Univ. of Alberta, Canada in 2009 on merits. We wish Bhavik a grand success.We wish him the best of luck for grand success for his future endeavours.

☐ SHREE PATAN JAIN MANDAL

PATAN PRATIBIMB • AUGUST 2011 • PRICE Rs. 2/- • Posted at Patrika Chennel Sorting Office, Mumbai-400001 on 25or26of every month. Regd. No. MH/MR/South–135/2009-11

સુસંસ્કૃત સમાજના સંન્નિષ્ઠ સાન્નિધ્ય થકી,
શિક્ષણ,સ્વાવલંબન અને તબીબી સહાયનો સમન્વય

# શ્રી પાટણ જૈન મંડળ

# સમાજ વિકાસ ફંડ

એક નૂતન અભિગમ અને અનન્ય અભિયાન

## મુખ્યદાતા

- બાબુ પનાલાલ પૂનમચંદ ચેરિટેબલ ટ્રસ્ટ, ખજૂરીનો પાડો
- બાબુ સાહેબ નાનકચંદજી પુરણચંદજી ટ્રસ્ટ, ખજૂરીનો પાડો
- બાબુ જીવનલાલ પનાલાલ ટ્રસ્ટ, ખજૂરીનો પાડો
- શ્રીમતી ગુણવંતીબેન પ્રવીણચંદ્ર કેશરીચંદ શાહ, ઢંઢેરવાડો
- શ્રીમતી હસુમતીબેન રમેશચંદ્ર બાપુલાલ શાહ<br>હસ્તે : શ્રીમતી મોનીકાબેન સંજયભાઈ શાહ, ડંક મહેતાનો પાડો
- શ્રી હરસુખલાલ બાપુલાલ શાહ તથા શ્રીમતી રસિલાબેન હરસુખલાલ શાહ, હસ્તે : શ્રી નિર્મળભાઈ, શ્રી અનિલભાઈ, શ્રી જયેશભાઈ, અને શ્રી શિરીષભાઈ, લખિયાર વાડો/કનાસાનો પાડો
- શ્રીમતી ગુલાબબેન રમણલાલ શાહ, વખતજીની શેરી<br>હસ્તે : શ્રી હિતેનભાઈ પ્રવીણચંદ્ર શાહ
- શ્રીમતી નિર્મળાબેન રવીન્દ્રભાઈ મોહનલાલ શાહ, ખજૂરીનો પાડો
- શ્રી મફતલાલ ચુડઘર ચેરિટેબલ ટ્રસ્ટ, ચોધરીની શેરી
- શ્રી વીરેન્દ્રભાઈ પોપટલાલ શાહ, મલ્લાતનો પાડો
- શ્રીમતી કુસુમબેન રસિકલાલ હિંમતલાલ શાહ, ડંક મહેતાનો પાડો<br>હસ્તે : શ્રીમતી કલ્પનાબેન, શ્રીમતી આશાબેન, શ્રીમતી મીતાબેન
- શ્રી કીર્તિલાલ સોમચંદ શાહ, કોકાનો પાડો
- શ્રી સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ, કુંભારીયા પાડો
- શ્રીમતી હંસાબેન રમેશચંદ્ર પોપટલાલ શાહ, હસ્તે : શ્રી જિતેન્દ્રભાઈ, કનાસાનો પાડો
- શ્રીમતી વસુમતીબેન સેવંતીલાલ શાહ, ચીતારાની ખડકી
- શ્રીમતી હંસાબેન મનહરભાઈ કેશવલાલ શાહ,<br>હસ્તે : શ્રી શ્રેણિકભાઈ મનહરલાલ શાહ, લખીયારવાડો
- શ્રીમતી લીલાવતીબેન પનાલાલ મણિલાલ શાહ, વસાવાડો
- શ્રીમતી સુભદ્રાબેન રમણલાલ શાહ, ચેરિચેબલ ટ્રસ્ટ, કુંભારીયા પાડો
- શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર માટલીવાળા,હસ્તેઃ શ્રી દાનેશભાઈ, કનાસાનો પાડા
- શ્રી દીપકભાઈ ચંપકલાલ જેશીંગલાલ ઝવેરી (મનમોહનજીની શેરી)

## આધારસ્તંભદાતા

- શ્રીમતી સુભદ્રાબેન ભોગીલાલ ઝવેરી (સાહેબા), ચોધરીની શેરી
- શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ, કપુર મહેતાનો પાડો
- શ્રી હિતેનભાઈ ચંપકલાલ શાહ (વીમાવાળા), ખેતરવસી
- શ્રી પ્રવીણચંદ્ર વૃજલાલ શાહ(મંત્રી) હસ્તે શ્રી વિરેશ પ્રવીણચંદ્ર શાહ, કનાસાનો પાડો
- શ્રી અશોકભાઈ પોપટલાલ શાહ, હસ્તે : શ્રી ચિરાગભાઈ, કનાસાનો પાડો
- શ્રી હેમંતભાઈ કાંતિલાલ સાલવી, સાલવી વાડો
- શ્રી શાંતિલાલ રીખવચંદ શાહ, કોકાનો પાડો
- શ્રીમતી જિનબાળાબેન હસમુખલાલ શાહના સ્મરણાર્થે,<br>હસ્તે : શ્રીમતી કનકબેન કેતનભાઈ શાહ, ઢંઢેરવાડો
- શ્રી નવીનભાઈ નેમચંદભાઈ શાહ (ગુંદરવાલા), વાસુપૂજ્યની શેરી
- શ્રીમતી સરલાબેન વિજયભાઈ હીરાલાલ શાહ, કસુંબીયાવાડો
- શ્રી કેશરીચંદ જેશીંગલાલ શાહ, ઢંઢેરવાડો
- શ્રી નવીનચંદ્ર ખૂબચંદ શાહ, ઢંઢેરવાડો
- શ્રી રમેશચંદ્ર છબીલદાસ ઝવેરી, મનમોહનજીની શેરી
- શ્રીમતી પુષ્પાબેન સેવંતીલાલ શાહ, ડંક મહેતાનો પાડો
- શ્રી સુધીરભાઈ નવીનચંદ્ર શાહ, મારફતીયા મહેતાનો પાડો
- શ્રી મહાસુખલાલ કેશવલાલ શાહ, હસ્તે : શ્રી પંકજભાઈ, શ્રી રોહિતભાઈ, શ્રી ભરતભાઈ (મારફતીયા મહેતાનો પાડો)

## SHRI PATAN JAIN MANDAL

### LAND AND BUILDING FUND

સ્વ. શ્રીમતી ગીતાબેન રાકેશભાઈ કાંતિલાલ શાહ રૂા. બે કરોડ

## SHRI PATAN JAIN MANDAL

### REVOLVING FUND

To provide interest free Educational Loan

| DONOR | DONATION In 5 Years |
|---|---|
| **Smt. Subhadraben Ramanlal Popatlal Shah,** Kumbhariya Pado | Rs. 25 Lakhs |
| **Smt. Bhagwatiben Vinodbhai Matlivala,** Kanasano Pado by Shri Daneshbhai, Shri Bhagyeshbhai, Shri Sukeshbhai, Shri Dhirenbhai | Rs. 25 Lakhs |
| **Babu Panalal Punamchand Charitable Fund,** Khajurino Pado | Rs. 15 Lakhs |
| **Smt. Kanchanben Kantilal Jhaveri** (Maniyati Pado) by Smt. Neenaben, Smt. Kalpanaben. | Rs. 5 Lakhs |

**Target for REVOLVING FUND is Rs. 5 Crore**

For studies in India, Shree Patan Jain Mandal shall provide interest free Educatinal loan up to Rs. 2 lakhs to deserving PATANI sudents for their higher studies and high cost specialised courses.

### મેમોરીયલ ફંડ

**વિલ દ્વારા નોંધાવાયેલ અનુકરણીય –અનુમોદનીય સખાવત**

| દાતાનું નામ | દાનની રકમ અંદાજીત |
|---|---|
| • **શ્રીમતી પન્નાબેન કપુરચંદ સોનાવાલા,** મનમોહનજીની શેરી | રૂા. ૮ કરોડ |
| • **શ્રીમતી નિર્મળાબેન (દેવીબેન)** શામળાજીની શેરી (ખેતરવસી) સ્વ. શ્રી ધીરજલાલ પોપટલાલ શાહના સ્મરણાર્થે | રૂા. ૧૦ લાખ |

વસિયતનામા (વિલ) દ્વારા મેમોરીયલ ફંડમાં સખાવત કરનાર દાતાની ભાવના અનુસાર, દાનની રકમનો ઉપયોગ મંડળની વિશેષ પ્રવૃત્તિઓમાં કરાશે.

## સહાયકદાતા

- શ્રી જે. કે. શાહ, ભાભાનો પાડો
- શ્રી પ્રદીપભાઈ લક્ષ્મીચંદ ઝવેરી, કોબે-જાપાન
- શ્રી કંચનલાલ વાડીલાલ શાહ, મનમોહનજીની શેરી
- શ્રી નવીનચંદ્ર ચીમનલાલ મણિયાર, ચોધરીની શેરી
- શ્રી રમેશભાઈ સનાલાલ શાહ, મલ્લાતનો પાડો
- શ્રીમતી નિર્મળાબેન ચંદ્રકાંત શાહના સ્મરણાર્થે, પોળની શેરી
- શ્રી વર્ધમાનભાઈ નગીનદાસ શાહ, કેશુશેઠનો પાડો
- ડૉ. જયંતીલાલ મણિલાલ પટણીના સ્મરણાર્થે, મનમોહનજીની શેરી
- શ્રી ભગવાનદાસ પૂનમચંદ શાહ, હસ્તે : મનીષભાઈ ભગવાનદાસ શાહ (મદ્રાસ), કનાસાનો પાડો
- શ્રી વિનોદભાઈ હીરાલાલ શાહ (લાદીવાલા), કનાસાનો પાડો
- શ્રીમતી વિમળાબેન ભોગીલાલ શાહ (જાકુજીવાળા), તંબોલી વાડો
- શ્રી જિતેન્દ્રભાઈ મણિલાલ શાહ, ભાભાનો પાડો

(ક્રમશઃ પા. નં. ૬)

Edited, Printed & Published by Bhartiben Bhagubhai Shah on behalf of Shri Patan Jain Mandal and Printed at Fakhri Printing Works, 312/ A, Byculla Service Industries, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400 027. And Published at 77, Marine Drive, Mumbai-400020.